આજનો સુવિચાર

રૂપ કે કુળથી નહિ પરંતુ કર્મથી જ મહાન બની શકાય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૬૬ જૂનાગઢ તા.૨૭-૧૦-૨૦૨૩ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 266, Junagadh • Date : 27 October, 2023, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


## અયોધ્યામાં ૨૨ જાન્યુઆરીએ રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા : ૨૫૦૦ વીવીઆઈપી હાજર હેશે

અયોધ્યા,તા.૨૭

વડાપ્રધાન મોદી દ્વારા ૨૨ જાન્યુઆરીએ રામમંદિરે આવવાની સંમતિ મળ્યા બાદ રામમંદિર ટ્રસ્ટે રામલીલાની પ્રાણ પ્રતિષ્ઠાનો વિસ્તૃત કાર્યક્રમ જાહેર કરી દીધો છે. ૨૨ જાન્યુઆરીએ યોગ પૂજનને અંતિમ કાળ ૧૨ વાગ્યે દિવસથી શરૂ થાય છે અને ૧૨.૪૫ થી ૧ વાગ્યા દરમિયાન રામલીલા ગર્ભગૃહમાં વિધિવત બિરાજમાન થશે. કાશીના વયોવૃદ્ધ આચાર્ય લક્ષ્મીકાંત પ્રાણ પ્રતિષ્ઠા પૂજન કરાવશે, જેના મુખ્ય યજમાન પીએમ મોદી હશે. કાશીમાં જ ચાર પેઢીથી રહેતા દ્રવિડ આચાર્ય ગણેશ્વર શાસ્ત્રીએ શુભ મુર્હુત કાઢયું છે. રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટના મહાસચીવ ચંપતરાયે જણાવ્યું હતું કે, કાર્યક્રમમાં આરએસએસના સર સંઘ સંચાલક મોહન ભાગવત, યુપીના ગવર્નર આનંદીબેન પટેલ, સીએમ યોગી આદીત્યનાથ પણ હાજર રહેશે. કાર્યક્રમમાં હાજર રહેનાર લોકોની યાદી બનાવવામાં આવી છે. ચંપતરાયના જણાવ્યા મુજબ ૧૪૦ વિભિન્ન પરંપરાઓના ચાર હજાર ધર્મગુરુઓની સાથે લગભગ અઢી હજાર વિશિષ્ટ લોકોને જ પ્રવેશ મળશે, જેમની બેઠક વ્યવસ્થા નકકી થશે. આ સિવાય કોઈ પણ વ્યક્તિને પ્રવેશ નહીં મળે. સંતો મહંતોએ પણ લગભગ એક કિલોમીટર પગપાળા ચાલવું પડશે. ૨૫૦૦ જેટલા વીઆઈપીઓ પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમના સાક્ષી બનશે.

## જમ્મુ-કાશ્મીરમાં એનકાઉન્ટર : પાંચ આતંકવાદીઓ ઠાર

નવી દિલ્હી, તા.૨૭: જમ્મુ અને કાશ્મીરના કુપવાડા જિલ્લાના માછિલમાં નિયંત્રણ રેખા પર પોલીસ અને સેના દ્વારા ઘૂસણખોરી વિરોધી કાર્યવાહી દરમિયાન ગુરુવારે લશ્કરના પાંચ આતંકવાદીઓ માર્યા ગયા હતા. જમ્મુ અને કાશ્મીર પોલીસના એડિશનલ ડાયરેક્ટર જનરલ વિજય કુમારના જણાવ્યા અનુસાર, માર્યા ગયેલા આતંકવાદીઓ લશ્કર-એ-તૈયબાના હતા.

## દેશમાં આઈટી રીટર્ન ફાઈલ કરનારા લોકોની સંખ્યામાં ૯૦ ટકાનો વધારો

નવી દિલ્હી.તા.૨૭

કરચોરી ડામવાના શ્રેણીબદ્ધ પગલા તથા વધતી આર્થિક સમૃદ્ધિ વચ્ચે આવકવેરા રીટર્ન ફાઈલ કરનારાઓની સંખ્યામાં વર્ષોવર્ષ વધારો થતો રહ્યો છે. ૨૦૧૩-૧૪થી ૨૦૨૧-૨૨ના ૮ વર્ષના સમયગાળામાં ઈન્કમટેકસ રિટર્નની સંખ્યામાં ૯૦ ટકાનો વધારો થયો છે. કરવેરા બોર્ડના આંકડાકીય રિપોર્ટમાં એવુ સુચવાયુ છે કે, આકારણી વર્ષ ૨૦૧૩-૧૪માં રીટર્ન ફાઈલ કરનારા કરદાતાઓની સંખ્યા ૩.૪ કરોડ હતી તે ૨૦૨૧-૨૨માં વધીને ૬.૪ કરોડે પહોંચી હતી. ચાલુ નાણાકીય વર્ષમાં પણ તે અત્યારસુધીમાં ૭.૪ કરોડે પહોંચી છે. તેમાં ૫૩ લાખ કરદાતાઓએ પ્રથમ વખત રિટર્ન ફાઈલ કર્યા છે.

# ૨૦૨૬-૨૭ સુધીમાં ભારતની અર્થવ્યવસ્થા પાંચ ટ્રીલીયન ડોલરની બની જવાનો આશાવાદ

નવી દિલ્હી, તા.૨૭: વિશ્વભરમાં અર્થવ્યવસ્થાની નબળાઈ વચ્ચે, ભારતમાં ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોને આશા છે કે આપણો દેશ ૫ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થાનો દરજ્જો પ્રાપ્ત કરશે. અગાઉ ૨૦૨૫ સુધીમાં આ લક્ષ્ય હાંસલ કરવાની અપેક્ષા હતી. પરંતુ કોરોના રોગચાળા પછી અવરોધો ઉભા થયા. હવે IMFને આશા છે કે ભારત ૨૦૨૬-૨૭ સુધીમાં આ સિદ્ધિ હાંસલ કરી લેશે. પરંતુ ભારત સરકારને આશા છે કે તે આ પહેલા પણ આ દરજ્જો હાંસલ કરી શકે છે. હાલમાં, વિશ્વના ઘણા ભાગોમાં રાજકીય તણાવના અહેવાલો છે. તેમ છતાં, ઉદ્યોગ સંગઠનો સાથે સંકળાયેલા લોકોનું કહેવું છે કે આ લક્ષ્યને હાંસલ કરવાની આશા હોવી જોઈએ. આમાં ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્ડસ્ટ્રી મહત્વની ભૂમિકા ભજવવા જઈ રહી છે.

જી-૨૦ જેવી ઈવેન્ટ પછી ઓલિમ્પીક માટેની બિડ આ દિશામાં સ્પષ્ટ સંકેત છે. જેવર એરપોર્ટ અને ઘણા એક્સપ્રેસ વે પણ આ વાત સાબિત કરે છે. પરંતુ આ લક્ષ્યના માર્ગમાં ઘણા પડકારો છે. જ્યારે પણ વિકાસ કાર્ય થાય છે ત્યારે પર્યાવરણની ચિંતાઓ સામે આવે છે. આ માટે વિકાસકર્તાઓને દોષ આપવાથી કોઈ ફાયદો થશે નહીં.




પર્યાવરણને ધ્યાનમાં રાખીને ટકાઉ વિકાસ પર ભાર મૂકવો અર્થપૂર્ણ બનશે.

૫ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થાનું લક્ષ્ય ચોક્કસપણે ઘણું મોટું છે, પરંતુ તે હાંસલ કરી શકાય છે. તેનું કારણ એ છે કે મધ્યમ આવક અને ઉચ્ચ આવક ધરાવતા જૂથોની આવક આગામી ૧૦ વર્ષમાં બમણી થવાની ધારણા છે.

# પાંચ રાજયોમાં કેન્દ્ર સરકારની વિકસીત ભારત સંકલ્પ યાત્રાને ચૂંટણીપંચે બ્રેક મારી

નવી દિલ્હી, તા.૨૭ : મધ્યપ્રદેશ-રાજસ્થાન સહિત પાંચ રાજયોમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી પૂર્વે કેન્દ્ર સરકારને ચૂંટણી પંચે ઝટકો આપ્યો છે. કેન્દ્ર સરકારની વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં ચૃંટણી રાજયોમાં કેન્દ્રીય અધિકારીઓને રથપ્રભારી તરીકે નિયુકત કરવાનો નિર્ણય ફગાવ્યો છે. ચૂંટણીપંચે કેબીનેટ સચિવ રાજીવ ગૌબાને પત્ર લખીને તાકીદ કરી છે કે કેન્દ્ર સરકારની સૂચિત ભારત સંકલ્પ યાત્રામાં કેન્દ્રિય અધિકારીઓને રથપ્રભારી બનાવવામાં આવ્યાનું ધ્યાનમાં આવ્યું છે, પરંતુ આ પ્રક્રિયા રોકવામાં આવે. મધ્યપ્રદેશ-રાજસ્થાન-છત્તીસગઢ-મ્યુઝોરમ તથા તેલંગાણામાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે અને ત્યાં ચૂંટણી આચાર સંહિતા લાગુ થઈ ગઈ છે, ૫ ડિસેમ્બર સુધી ચૂંટણી આચાર સંહિતા લાગુ રહેવાની છે, આ સંજોગોમાં ભારત સંકલ્પ યાત્રા ૨૦ નવેમ્બરથી શરૂ થાય તો આચાર સંહિતાનો ભંગ ગણાશે. કેન્દ્ર સરકારે સરકારની સિદ્ધિઓને લોકો સુધી પહોંચાડવા માટે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન કર્યુ હોવાનું અને તેમાં કેન્દ્રના સચિવો તથા સિનિયર અધિકારીઓને રથપ્રભારી તરીકે નિયુક્ત કરવાનો નિર્ણય લીધો હોવાની ફરિયાદ કોંગ્રેસ દ્વારા ચૂંટણી પંચને કરવામાં આવી હતી. સરકારી અધિકારીઓ મારફત ચૂંટણી ધરાવતા રાજયોમાં પ્રચાર કરવાનો ઈરાદો હોવાનું કોંગ્રેસ દ્વારા જણાવાયું હતું. કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આ રથયાત્રા અભિયાન રોકવા વડાપ્રધાનને પત્ર પણ લખ્યો હતો અને ચૂંટણીપંચને પણ ફરિયાદ કરી હતી સરકારી મશીનરીનો દુરુપયોગ થતો હોવાની ફરિયાદ કરવામાં આવી હતી. ચૂંટણી પંચની તાકીદ વચ્ચે કેન્દ્ર સરકારી સ્પષ્ટ કર્યુ છે કે, આ ભારત સંકલ્પ યાત્રા ચૂંટણી ધરાવતા પાંચ રાજયોમાં નહીં યોજવામાં આવે જે રાજયોમાં આચાર સંહિતા લાગુ છે ત્યાં રથયાત્રા નહિ કઢાય.

# વિશ્વ યુધ્ધનાં ભણકારા : અમેરીકાએ સિરીયામાં ઈરાનનાં ઠેકાણા ઉપર હવાઈ હુમલો કર્યો

## ઈઝરાયલનાં હુમલામાં હમાસનાં પાંચ કમાન્ડરો ઠાર મરાયા : ઈઝરાયલનાં ૫૦ બંધકોનાં પણ મોત થયા હોવાનો દાવો

દમાસ્કસ તા. ૨૭

અમેરિકાએ ગુરુવારે સીરિયામાં ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ બેઝ પર એરસ્ટ્રાઈક કરી. અમેરિકાએ તેને ઈરાક અને સીરિયામાં તેમની સેના પર થયેલા હુમલાનો બદલો ગણાવ્યો હતો. અમેરિકન અધિકારીઓએ કહ્યું કે આ હુમલાનો આદેશ રાષ્ટ્રપતિ બાઈડેન દ્વારા આપવામાં આવ્યો હતો, જેથી અમેરિકા સંદેશ આપી શકે કે તે તેની સેના પરના હુમલાને સહન કરશે નહીં.

હમાસ અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે અમેરિકાએ પૂર્વ સીરિયા પર એરસ્ટ્રાઈક કરી છે. આતંકવાદી ઠેકાણાઓ પર એરસ્ટ્રાઈક કરતા અમેરિકાની સેના દ્વારા બોમ્બમારો કરવામાં આવ્યો છે. અમેરિકાના રક્ષા મંત્રાલયે કહ્યું કે આતંકવાદીઓ અમેરિકન ટાર્ગેટ પર હુમલો કરી રહ્યા હતા અને અમે આત્મરક્ષણ કરવા માટે આ હુમલો કર્યો છે. પૂર્વી સીરિયામાં જ્યાંથી હુમલો થયો હતો ત્યાંથી આતંકીઓ ઓપરેટ કરી રહ્યા હતા. આતંકવાદીઓ ઈરાનમાં અમેરિકન સૈન્ય મથકો પર હુમલા કરતા હતા...તેથી અમે તેનો બદલો લીધો હતો. બીજી તરફ હમાસના નેતાઓ ગત મોડી રાત્રે રશિયાની રાજધાની મોસ્કો પહોંચ્યા હતા. જયારે ઈરાનનાં નાયબ વિદેશમંત્રી પહેલેથી જ મોસ્કોમાં ઉપસ્થિત છે. આ માટે ઈઝરાયલે રશિયાની નિંદા કરી છે. રશિયન સમાચાર એજન્સી RIA અનુસાર, હમાસના સીનિયર નેતા અબુ મરઝૂક ડેલિગેશન સાથે મોસ્કો પહોંચ્યા હતા. રશિયાએ પહેલા જ કહ્યું છે કે આ યુદ્ધ અમેરિકન વિદેશ નીતિની નિષ્ફળતા છે. અમેરિકા પેલેસ્ટાઈનના હિતોની અવગણના કરી રહ્યું છે.

દરમિયાન હમાસે દાવો કર્યો છે કે ઈઝરાયલના હુમલામાં ૫૦ બંધકોના મોત થયા છે. આ પહેલા હમાસે દાવો કર્યો હતો કે ઈઝરાયલના હુમલામાં ૨૦ બંધકો માર્યા ગયા છે. ખરેખરમાં, ૭ ઓક્ટોબરે હમાસના આતંકીઓ ૨૦૦ થી ૨૫૦ ઈઝરાયલી અને વિદેશી નાગરિકોને બંધક બનાવીને ગાઝા લઈ ગયા હતા. જેમાંથી અત્યાર સુધીમાં ૪ બંધકોને મુક્ત કરવામાં આવ્યા છે. ઈઝરાયલનાં હવાઈ હુમલામાં હમાસનાં પાંચ કમાન્ડરો ઠાર મરાયા હોવાનો દાવો કર્યો છે.

**બ્રેકીંગ ન્યુઝ :** મોસ્કો ખાતે રશિયા-ઈરાન - હમાસનાં નેતાઓની બેઠક મળી : ઈઝરાયલની જેલોમાં બંધ હમાસનાં ૬૦૦૦ બંધકોને મુકત કરવાની ઈરાને માંગણી સાથે ખુલી તરફદારી કરી : તો હમાસ પણ ઈઝરાયલનાં બંધકોને છોડશે

### ગ્રાહકોનાં હીતમાં રીઝર્વ બેંક દ્વારા નિયમોમાં ફેરફારની દરખાસ્ત

# લોન રીકવરી માત્ર દિવસે જ થઈ શકશે ૧ કરોડ સુધીની એફડી અધવચ્ચે ઉપાડી શકાશે

મુંબઈ, તા.૨૭ :

રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા બેંક ગ્રાહકોના હિતમાં મહત્વની દરખાસ્તો કરવામાં આવી છે. અધવચ્ચે ઉપાડી ન શકાય તેવી ફિકસ્ડ ડિપોઝીટમાં નાણાકીય મર્યાદા ૧૫ લાખથી વધારીને એક કરોડ કરવામાં આવી છે. જયારે લોન રિકવરી માટે ચોકકસ માર્ગદર્શિકા સુચવવામાં આવી છે. બેંકોમાં ફિકસ ડિપોઝીટમાં અધવચ્ચે ઉપાડી ન શકાય તેને 'નોન-કોલેબલ' કહેવામાં આવે છે. અત્યાર સુધી ૧૫ લાખ સુધીની નોન-કોલેબલ ફિકસ્ડ ડિપોઝીટ ઉપાડી શકવાની છુટ હતી. હવે આ નાણાકીય મર્યાદા વધારીને એક કરોડ કરવામાં આવી છે અર્થાત ૧ કરોડ સુધીની નોન-કોલેબલ ડીપોઝીટ અધવચ્ચેથી ઉપાડી શકાશે.

આ પ્રકારની એફડીમાં બેંકો ઉંચા વ્યાજદર આપતી હોય છે અને તે પાકતી મુદતે જ ઉપાડી શકાતી હોય છે. રિઝર્વ બેંકે નાણાં સંસ્થાઓ અને રિકવરી એજન્ટસ દ્વારા લોનની રિકવરી માટે કડક નિયમ લાગુ કરવાનો પ્રસ્તાવ મુકયો છે. જેમાં રિકવરી એજન્ટસ દ્વારા સવારે ૮ પહેલા અને સાંજે ૭ પછી રિકવરી એજન્ટસ દ્વારા લોનધારકોને કોલ નહીં કરવાની દરખાસ્ત છે. રિઝર્વ બેંકના 'ડ્રાફ્ટ માસ્ટર ડાયરેકશન ઓન મેનેજિંગ રિસ્કસ એન્ડ કોડ ઓફ કંડકટ ઈન આઉટસોર્સિંગ ઓફ ફાઈનાન્શિયલ સર્વિસિસ' અનુસાર 'બેંકો અને નોન-બેન્કીંગ ફાઈનાન્સ કંપનીઓ જેવી રેગ્યુલેટેડ એન્ટીટી પોલિસી અને કેવાયસી કમ્પ્લાયન્સ સહિતના નિર્ણયોનું આઉટસોર્સિંગ કરવું જોઈએ નહીં.

# રશિયાનાં પ્રમુખ પુતિન મૃત્યુ પામ્યા હોવાની વધુ એકવાર અફવા ઉડી

મોસ્કો તા. ૨૭

હાલમાં જ રશિયાના પ્રમુખ વ્લાદીમીર પુટીન પર હૃદયરોગનો હુમલો આવ્યાના તથા તેમના નિવાસે જ બેડરૂમની ફર્શ પર ઢળી પડયા હોવાના કથિત અહેવાલ આવ્યા બાદ રશિયાએ આ પ્રકારની કોઈપણ ઘટનાનો ઈન્કાર કર્યો હતો. પરંતુ ફરી એક વખત પુટીનના મૃત્યુના ખબર ચગ્યા છે અને ફરી એક વખત રશિયાના પ્રવકતાએ તેનો ઈન્કાર કર્યો છે. પુટીન અંગે ટેલીગ્રામ ચેનલ જનરલ એસવીઆરના રિપોર્ટ મુજબ પુટીનને કેન્સર પણ છે અને તેઓ ગંભીર રીતે બીમાર હતા અને તેઓ તેમના નિવાસે મૃત્યુ પામ્યા છે. જો કે ફરી એક વખત આ અહેવાલને હજુ સુધી કોઈ સતાવાર સમર્થન મળ્યુ નથી પણ અહેવાલની સાથે પુટીનની એક તસ્વીર રીલીઝ થઈ છે જેમાં તેઓ બેડ પર ઉંઘ જેવી અવસ્થામાં હોવાનું દર્શાવાયું છે.


હાર્દિક શુભેચ્છા...

**જૂનાગઢ તથા ગીર સોમાનાથ જીલ્લાનું સર્વપ્રથમ અને અત્યાધુનિક સુવિધાયુક્ત ટેસ્ટ ટયુબ બેબી સેન્ટર અને ગાયનેક હોસ્પિટલ**

**ડો. ડી.ડી. ભાદરકા** M.S. (ગાયનેક)
**ડો. મનીષા ડી. ભાદરકા** B.H.M.S.




- વંધ્યત્વ નિવારણ કેન્દ્ર
- લેપ્રોસ્કોપી નિદાન અને સારવાર
- હાઈ રિસ્ક પ્રેગનન્સી યુનીટ
- CLASS 100 MODULAR IVF LAB.
- 3D / 4D સોનોગ્રાફી
- પ્રસુતિ વિભાગ

એપોઈન્ટમેન્ટ : ૮૪૦૧૫ ૪૧૦૦૭ / ૯૫૫૮૦ ૫૫૬૮૪

ઝાંઝરડા બાયપાસ ચોકડી પાસે, ગોલ્ડન ટ્રેડ સેન્ટર પાછળ, જૂનાગઢ



**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે**

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

**નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે**

**:: ફોન કરવા માટેનો સમય ::**

**સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ**

**૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-**
**૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-**

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)

આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

**સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨**
**જૂનાગઢ**





**મહાયોગી વિરેચન ચૂર્ણ**

દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો

કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુઃખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે

માર્કેટેડ બાય : **સાગર માર્કેટીંગ**

શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફલોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ

ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય

મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦ ૯૪૨૯૭ ૭૫૦૭૫





# રૂા.૩૦૦૦ રોકડ સહિતના સામાનનો થેલો ખોવાતા બે કલાકમાં નેત્રમ શાખા દ્વારા શોધી કાઢી મુળ માલીકને પરત કરાયો




જૂનાગઢ તા.૨૭

જૂનાગઢ રેન્જના ડીઆઈજી નિલેશ જાજડીયા તથા જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા જૂનાગઢ જીલ્લાના તમામ થાણા અમલદારોને પ્રજા સાથે સોહાર્દપૂર્ણ વર્તન કરી મદદરૂપ થવા તેમજ પોલીસ સ્ટેશન ખાતે મદદ માટે આવતા લોકોને શક્ય તે મદદ કરી, પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્રને સાર્થક કરવા તમામ પ્રયત્નો કરવા ખાસ સૂચના કરવામાં આવેલ છે.

અરજદાર હિતેન્દ્ર મંગાભાઈ ખાણીયા અમદાવાદના વતની હોય, જૂનાગઢ પોતાના પરીવાર સાથે ફરવા આવેલ હોય. હિતેન્દ્રભાઈ બસ સ્ટેશનથી ભવનાથ જવા માટે રિક્ષામાં બેસેલ હોય તે દરમ્યાન તેમનો રૂ. ૩૦૦૦ રોકડ સહિતના સામાનનો થેલો ખોવાયેલ હોય, જે થેલામાં રૂા.૩૦૦૦ રોકડ, કપડા તથા અન્ય જરૂરી સામાન હોય. હિતેન્દ્રભાઈ એ આજુબાજુ તપાસ કરેલ તેમજ તે રિક્ષા શોધવાનો પણ પ્રયત્ન કરેલ પરંતુ તેમનો થેલો મળેલ નહિ, પોતે પરિવાર સાથે ફરવા આવેલ અજાણ્યા શહેરમાં કોની મદદ લેવી તેની સમજ પડેલ નહિ જેથી તેઓ ખૂબ વ્યથીત થઈ ગયેલ હતા આ બાબતની જાણ નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર)ના પી.એસ.આઈ. પી.એચ.મશરૂને કરતા નેત્રમ શાખા પોલીસ સ્ટાફ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.

જૂનાગઢ હેડ ક્વા. ડી.વાય.એસ.પી. એ.એસ. પટણીના માર્ગદર્શન હેઠળ નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) ના પી.એસ.આઈ પી.એચ.મશરૂ, એ.એસ.આઈ. વર્ષાબેન વઘાસીયા, પો.કોન્સ. હાર્દિકભાઈ સિસોદીયા, ગીરીશભાઈ કલસરીયા, એન્જીનીયર રિયાઝભાઈ અંસારી સહીતની ટીમ દ્વારા જહેમત ઉઠાવી હિતેન્દ્રભાઈ જે સ્થળેથી ઓટો રિક્ષામાં બેસેલ તે ઓટો રિક્ષાનો સમગ્ર રૂટ વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સ્ટોલ કરવામાં આવેલ સીસીટીવી ફૂટેજની મદદથી ચેક કરતા હિતેન્દ્રભાઈ પોતાનો રૂા. ૩૦૦૦ રોકડ રકમ સહિતના સામાનનો થેલો રિક્ષામાં જ ભુલી ગયેલ હોય તેવું જણાયેલ. જે આધારે તે રિક્ષાનો રજી. નં. **GJ 11 UU 9422** શોધેલ. જૂનાગઢ નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા રિક્ષા ચાલકનો સંપર્ક કરી પૂછપરછ કરતા તે થેલો તેમની પાસે હોવાનું જણાવેલ. જૂનાગઢ નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા હિતેન્દ્રભાઈનો રૂ. ૩૦૦૦/- રોકડ સહિતના સામાનનો થેલો ફકત ૨ કલાકમાં શોધી અને થેલો રીકવર કરી સહિ સલામત પરત અપાવવા માટે કરેલ તાત્કાલિક અને સવેંદનપૂર્ણ કાર્યવાહીથી પ્રભાવિત થઈને હિતેન્દ્રભાઈ ખાણીયાએ જણાવેલ કે તેમને આ થેલો પરત મળે તેવી આશા પણ ના હતી, અને આટલી ઝડપથી આ થેલો પોલીસે શોધી આપતા ખુબજ ખુશ થઈ ગયેલ અને જૂનાગઢ પોલીસનો ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો.

જૂનાગઢ જીલ્લા પોલીસ વડા શ્રી હર્ષદ મહેતા દ્વારા પણ સંવેદના પૂર્ણ કાર્યવાહી કરવા બદલ જીલ્લા નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) પોલીસ ટીમને અભિનંદન આપેલ હતા.

આમ, નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા રૂા.૩૦૦૦ રોકડ સહિતના સામાનનો થેલો ફકત ૨ કલાકમાં શોધી પરત અપાવી, સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી "પોલીસ પ્રજાનો મિત્ર છે" એ સૂત્રને સાર્થક કરવામાં આવેલ છે.

# જૂનાગઢમાં આગામી રવિવારે સંજરી સોશ્યલ ટ્રસ્ટ દ્વારા ૧૧ સમુહશાદીનું ભવ્ય આયોજન

જૂનાગઢ તા. ૨૭

જૂનાગઢ શહેરમાં સમાજ સેવાનું કાર્ય કરતી સંસ્થા સંજરી સોશ્યલ ટ્રસ્ટ દ્વારા આગામી તા. ૨૯-૧૦-૨૩ રવિવારનાં રોજ ૧૧ સમુહશાદીનું આયોજન કરવામાં આવેલ છે. ધારાગઢ રોડ સ્થિત ફરઝાના હોલ ખાતે ૧૧ સમુહશાદીનો કાર્યક્રમ યોજાશે. સંજરી સોશ્યલ ટ્રસ્ટનાં પ્રમુખ વહાબભાઈ કુરેશી અને તેમની ટીમનાં સભ્યો દ્વારા સમુહશાદીનાં આયોજનને સફળ બનાવવા તનતોડ પ્રયાસો થઈ રહયા છે. આ કાર્યક્રમનાં ઉદઘાટન તરીકે સૈયદ સાદાત જમાત જૂનાગઢનાં પ્રમુખ સૈયદ પરવેઝ અહેમદબાપુ કાદરી તેમજ મુસ્લીમ અગ્રણી ઈબ્રાહીમભાઈ કુરેશી રહેશે. જયારે મુખ્ય મહેમાન પદે સંજયભાઈ કોરડીયા, ભીખાભાઈ જોષી, ગીતાબેન પરમાર, ધીરૂભાઈ ગોહેલ, સમીરભાઈ મારૂ, ડોલરભાઈ કોટેચા, ક્રિપાલસિંહ જાડેજા (જામકંડોરણા), અનિરૂધ્ધસિંહ જાડેજા (રીબડા) વગેરે આગેવાનો ઉપસ્થિત રહેશે.

# જૂનાગઢ જેલના જેલરની ઓળખ આપી રૂપિયા ૨૪,૦૦૦ની છેતરપિંડી કરવા અંગે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૭

વિસાવદર તાલુકાના સરસઈ ગામે રહેતા અને જૂનાગઢ ખાતે અભ્યાસ કરતા ઉત્તમભાઈ ચેતનભાઈ દુધાત(ઉ.વ.૧૮)ને તેના પિતાને જેલમાં મુલાકાતના દિવસે મળવા માટે અજાણ્યા શખ્સે જૂનાગઢ જેલના જેલરની ખોટી ઓળખ આપી અને એડવાન્સ ફી ભરવાનું કહી રૂપિયા ૨૪,૦૦૦ની છેતરપીંડી આચરી વિશ્વાસઘાત કર્યો હતો. ૭ એપ્રિલના રોજ યુવાનના પિતા ચેતનભાઈ જમનભાઈ અને જયદીપ દિલીપભાઈ લાખાણીને બળાત્કારના ગુનામાં બંનેને વિસાવદર કોર્ટે જૂનાગઢ જિલ્લા ખાતે ટ્રાન્સફર કરવાનો હુકમ કરતા વિસાવદર પોલીસ બંનેને જૂનાગઢ જેલમાં મુકવા માટે રવાના થયેલ તે દરમ્યાન યુવક ઉતમ દુધાતના માતાના મોબાઈલ ઉપર અજાણ્યા મોબાઈલ નંબર ૭૮૦૨૮ ૮૯૦૧૦ ઉપરથી ફોન આવતા યુવાને ફોન રીસીવ કરતાં અજાણ્યા ઈસમે હું જુનાગઢ જેલમાંથી જેલર વાળા સાહેબ બોલું છું, તહોમતદારને સરકારના નિયમ મુજબ જેલમાં મળવા માટે તમારે એડવાન્સ સરકારી ફી ભરવાની થશે જે ફી બંને વ્યક્તિના રૂપિયા ૨૪,૦૦૦ ગુગલ પેનાં અમારા ખાતામાં અત્યારે ઓનલાઈન ટ્રાન્સફર કરી આપશો તો તમને મુલાકાતના દિવસે મળવા માટે વધારાનો સમય આપવામાં આવશે અને તેની પહોંચ જયારે તમે જેલ ખાતે મળવા માટે આવો ત્યારે લઈ લેજો. તેમ કહેતા આવી એડવાન્સ સરકારી ફી ભરવાની હશે તેવું માની અને વિશ્વાસમાં આવી ગુગલ પે દ્વારા સામેવાળાના ખાતામાં રૂપિયા ૨૪,૦૦૦ ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા. આ પછી ૯ એપ્રિલના રોજ યુવાન તેના પિતાને જૂનાગઢ જેલ ખાતે મુલાકાત દિવસે મળવા ગયો હતો તને તેણે ઓનલાઈન ભરેલા રૂપિયા ૨૪,૦૦૦ની પહોંચ બાબતે જેલમાં તપાસ કરતા જાણવા મળ્યું કે, આવા પ્રકારની કોઈ ફી જેલ ખાતેથી લેવામાં આવતી નથી. આમ અજાણ્યા ઈસમે છેતરપીંડી આચરી વિશ્વાસઘાત કર્યો હોવાની ઉતમ દુધાતની અરજીના આધારે જૂનાગઢ સાયબર પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

# ખંભાળિયાની સુપર માર્કેટ ખાતે હવન યોજાયો



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૭

ખંભાળિયાની મેઈન બજાર વિસ્તારમાં આવેલી સુપર માર્કેટ ખાતે સ્થિત મહારાજા જામસાહેબ બાપુના સમયની તિલાટ મેળી ખાતે દર વર્ષે નવરાત્રી પર્વે ખાસ હવનનું આયોજન કરવામાં આવે છે. સુપર માર્કેટ વેપારી મંડળ દ્વારા આ વખતે પણ નવરાત્રી હવન યોજાયો હતો. જેમાં અહીંના જાણીતા વેપારી કંસારા પરસોતમભાઈ ભૂત પરિવારે હવનમાં ઉપસ્થિત રહી અને પૂજન કર્યું હતું. આ આયોજનમાં સુપર માર્કેટના વેપારીઓ પણ સહભાગી થયા હતા.

# જૂનાગઢમાં એક, રાજકોટમાં બે ઘરફોડ ચોરી કરનાર આરોપી ઝડપાયો




(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૭

જૂનાગઢ રેન્જનાં નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજાડીયાની સુચના તેમજ પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાની સુચના અંતર્ગત ક્રાઈમ બ્રાન્ચ, જૂનાગઢના પો.ઈન્સ. જે.જે.પટેલ તથા પો.સ.ઈ. જે.જે.ગઢવી, પો.સ.ઈ. ડી.કે.ઝાલા તથા પો.વા.સ.ઈ. ડી.એમ. જલુ તથા ક્રાઈમ બ્રાન્ચના પો.સ્ટાફના માણસો જૂનાગઢ જિલ્લામાં ચોરીના ગુન્હા શોધી કાઢવા અને ગુન્હા બનતા અટકાવવા માટે સતત પ્રયત્નશીલ દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચ જૂનાગઢને ચોક્કસ હકિકત મળેલ છે કે, જૂનાગઢ શહેરની અંદર દિવસ દરમ્યાન ઘરફોડ ચોરીને અંજામ આપતો એક ઈસમ શંકાષ્પદ હાલતમાં ગીરનાર દરવાજા નજીક આંટા ફેરા કરે છે અને આ ઈસમ પાતળા બાંધાનો છે. જેણે ગુલાબી કલરનો શર્ટ તથા બ્લુ કલરનું પેન્ટ પહેરેલ છે. જે કોઈ મોટી ચોરીને અંજામ આપવાની પેરવીમાં છે. તેવી ચોક્કસ હકિકત મળેલ હોય. જે હકિકતનો આધારે પો.સ.ઈ. ડી.કે.ઝાલા તથા પો.સ્ટાફના માણસો સાથે હકિકતવાળી જગ્યાએ આવી તપાસ કરતા હકિકત વાળો ઈસમ ઉભેલ જોવામાં આવતા મજકુર ઈસમ પોલીસને જોઈ દોડીને ભાગવા જતા પાછળ દોડીને પકડી પાડી પુછપરછ કરતા પ્રદિપ ઉર્ફે પદીયો કાળુભાઈ પઢારીયા ઉ.વ.૨૨ (ધંધો-મજુરી રહે. ગોંડલ ચોકડી પાસે, ગુલાબ નગર, રોલેક્સ કંપનીની બાજુમાં, ગુલાબનગર પ્રાથમીક શાળાની બાજુમાં, રાજકોટ, મુળ ગામ-જસદણ જી.રાજકોટ) ગલ્લા તલ્લા કરવા લાગેલ અને સાચા જવાબ આપતો ન હોય. જેથી મજકુર ઈસમની અંગ જડતી કરતા પેન્ટના ખીસ્સામાંથી એક સાદો મોબાઈલ ફોન તથા એક પ્લાસ્ટીકની નાની કોથળીમાંથી પીળી ધાતુનો ચેઈન, બુટીઓ, પેન્ડલ, વીટીઓ, નાકની વારી તથા રોકડા રૂપિયા મળી આવેલ જેથી મજકુર ઈસમને આ પીળીધાતુના ચેઈન, બુટીઓ અને પેન્ડલ, વીટીઓ, નાકની વારી બાબતે બીલ વિગેરે કાગળો માંગતા પોતાની પાસે નહી હોવાનું જણાવતો હોય. જેથી મજકુર ઈસમ પાસેથી મળી આવેલ પીળી ધાતુના ચેઈન, બુટીઓ, વીટીઓ, નાકની વારી અને પેન્ડલની ખરાઈ કરવા માટે તાત્કાલીક સોની કામના જાણકાર વ્યક્તને સોનાની કામના વજન કાંટા સાથે બોલાવી ચકાસી વેરીફાઈ કરી તમામ મુદામાલ કબ્જે કરી આગળની કાર્યાવહી અર્થે જૂનાગઢ શહેર એ ડીવીઝન પો.સ્ટે.ને સોંપી આપવામાં આવેલ છે.

# સોમનાથમાં દરરોજ એક લાખ લિટર પાણી થાય છે ફિલ્ટર

## વિશ્વમાં વસતા કરોડો હિન્દુઓનું આસ્થાનું પ્રતીક અને પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરની મુલાકાતે વર્ષે ૭ કરોડ જેટલા શ્રદ્ધાળુઓ આવે છે

ગીર સોમનાથ, તા.૨૭

દેશના પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિર અને તેની આસપાસના વિસ્તારની સ્વચ્છતા આંખે વળગી આવે છે. સામાન્ય રીતે યાત્રીઓ કોઈપણ ધર્મ સ્થળ કે પ્રવાસન સ્થળ પર જતાં હોય ત્યારે સૌથી વધુ સ્વચ્છતાને જોતા હોય છે. જ્યાં સ્વચ્છતા હશે ત્યાં પ્રભુતા હશે અને આજ કારણે સોમનાથ ટ્રસ્ટ અને પ્રવિત્ર યાત્રા ધામ વિકાસ બોર્ડના સહયારા પ્રયાસના કારણે સોમનાથમાં છેલ્લા કેટલાક વર્ષોથી સ્વચ્છતા જળવાય રહી છે. દેશભરમાંથી આવતા યાત્રીઓ સોમનાથ મહાદેવના દર્શન બાદ ટ્રસ્ટની સ્વચ્છતાની કામગીરીને લઈ ખુશ જોવા મળી રહ્યા છે. વિશ્વમાં વસતા કરોડો હિન્દુઓનું આસ્થાનું પ્રતીક અને પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરની મુલાકાતે વર્ષે ૭ કરોડ જેટલા શ્રદ્ધાળુઓ આવે છે. જે શ્રદ્ધાળુઓ સોમનાથ મંદિર સહિતના આસપાસના વિસ્તારોની પણ મુલાકાત લેતા હોઈએ છીએ. ત્યારે સોમનાથ નજીક આસપાસના ૫૦૦થી ૭૦૦ મીટરની ત્રિજ્યામાં અંદાજે ૧૫૦થી વધુ સફાઈ કર્મચારીઓ ૨૪ ×૭ કલાક સ્વચ્છતા માટે તત્પર રહે છે. તો સાથે જ વેસ્ટમાંથી બેસ્ટ માટે પણ સોમનાથ ટ્રસ્ટ દ્વારા પ્લાન્ટ લગાવવામાં આવ્યા છે. જેમાં વિવિધ યાત્રી નિવાસ અને રામ મંદિર ખાતે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ લગાવવામાં આવ્યા છે. આ પ્લાન્ટ દ્વારા દરરોજનું ૧ લાખ લિટર પાણી ફિલ્ટર થાય છે અને આ શુદ્ધ થયેલું પાણી ગાર્ડનિંગમાં ઉપયોગ કરવામાં આવી રહ્યું છે. જે સરાહનીય બાબત છે. જ્યાં દરરોજ ૧ લાખ લિટર પાણીને ફિલ્ટર કરી શુદ્ધ કરવામાં આવે છે. ત્યારબાદ સાગરદર્શન ખાતે પણ આવા ૨ પ્લાન્ટ લગાવવામાં આવ્યા છે. તેમજ નૂતન રામ મંદિર ખાતે પણ દરરોજ ૧૦ હજાર લિટર પાણી ફિલ્ટર કરવાનો પ્લાન્ટ કાર્યરત છે. આ પ્લાન્ટનો હેતુ ઉપયોગમાં લેવાયેલા પાણીને વેસ્ટ જવા ન દેતા ફિલ્ટર કરી સોમનાથ ટ્રસ્ટનાં બગીચાઓમાં ફૂલ ઝાડને આપવામાં આવી રહ્યું છે. આમ સોમનાથ ટ્રસ્ટ દ્વારા મહાત્મા ગાંધીજીના મૂળ ઉદેશ 'જળ એજ જીવન અને સ્વચ્છતા ત્યાં પ્રભુતાના સૂત્રને સાર્થક કરવામાં આવી રહ્યો છે.

# શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ જ્ઞાનબાગમાં કલા ઉત્સવ ઉજવાયો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૭

વિદ્યાર્થીઓમાં રહેલી કલાને વિકસાવવા માટે સમગ્ર શિક્ષા અભિયાન, ગાંધીનગર અને જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી, જૂનાગઢ દ્વારા ઝોન કક્ષાના કલા મહોત્સવ ૨૦૨૩નું સ્વામિ નારાયણ ગુરૂકુલ જ્ઞાનબાગ જૂનાગઢમાં આયોજન કરવામાં આવ્યું હતું. કુલ ૬ જીલ્લામાંથી ૬૨ જેટલા સ્પર્ધકોએ, કલાસીકલ ડાન્સ, સંગીત, ગાયન, માટીના રમકડા જેવી વિવિધ સાંસ્કૃતિક સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધા જૂનાગઢ જીલ્લા શિક્ષણાધિકારી ભાવસિંહ વાઢેરની અધ્યક્ષતામાં સંપન્ન થયો હતો. ડીઈઓ કચેરીના જલ્પાબેન કયાડા, મનિષાબેન હિંગરાજીયા, દેવેનભાઈ રાઠોડ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી તેમ સંદિપભાઈ મકવાણાની યાદીમાં જણાવેલ છે.

# કેશોદ તાલુકાના પાણખાણ ગામે વીજ ચેકિંગ કરવા ગયેલી ટુકડીની ફરજમાં રૂકાવટ કરી હોવાની ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૭

કેશોદ ખાતે રહેતા હિતેષભાઈ ગોવિંદભાઈ બંધીયા (ઉ.વ.૩૨)એ હરસુરભાઈ જેઠસુરભાઈ ભુરાણી રહે.પાણખાણ વાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદી તથા સાહેદો પોતાની કાયદેસરની ફરજ બજાવવા માટે વીજ ચેકિંગ કરવા પાણખાણ ગામે ગયેલ હોય ત્યારે આ કામનો આરોપી આવી જઈ ફરિયાદી તથા સાહેદોને કહેવા લાગેલ કે અહી અમારા ગામમાં મને પુછયા વગર વીજ ચેકિંગ કરવા આવતા નહી તેમ કહી ઉશ્કેરાઈ જઈ ફરિયાદી તથા સાહેદોની કાયદેસરની ફરજમાં રૂકાવટ ઉભી કરી ભુંડી ગાળો કાઢી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરિયાદી તથા સાહેદો પરત આવતા હોય ત્યારે આરોપીએ મોટરસાઈકલ આડુ નાખી ગેરકાયદેસર અવરોધ ઉભો કરી ગુનો કર્યા ફરિયાદ પોલીસમાં નોંધાવતા કેશોદ પોલીસો વધુ તપાસ હાથ ધરી છે.

# સોમનાથ મંદિરમાં ઓનલાઈન-ઓફલાઈન લક્ષ્મીપૂજનનું આયોજન

(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૨૭

દર વર્ષે સોમનાથ ટ્રસ્ટ દ્વારા ઓનલાઈન અને સોમનાથ મંદિરમાં લક્ષ્મીપુજનનું આયોજન કરાય છે કે જેમાં શ્રધ્ધાળુઓ ભાગ લે છે. શ્રધ્ધાળુઓને પુજન કરાવી વહીખાતા-પુસ્તક પ્રસાદરૂપે દેવાય છે. આ વર્ષે પણ આ પ્રથાને આગળ વધારી તા.૧૨-૧૧-૨૩ના રોજ ઓનલાઈન લક્ષ્મીપુજન બપોરે ૩ થી ૪ મંદિરમાં લક્ષ્મીપુજન ૪ થી ૫ આયોજીત થયેલ છે. આમ સોમનાથ મંદિરમાં અનેક સેવાઓ ઓનલાઈન થતાં વિશ્વનાં તમામ ભાવિકો આનો લાભ લઈ ઉઠાવી શકે છે.

# આગામી ચંદ્રગ્રહણ વિષે જયોતિષી દિનેશકુમાર અનંતરાય ભટ્ટનું અવલોકન

આસો સુદ પુનમ શનિવારે તા.૨૮-૨૯/૧૦/૨૦૨૩ના રોજ ચંદ્રગ્રહણ મેષ રાશિમાં થનાર છે તેમજ અવની નક્ષત્રમાં થનાર છે. આ ગ્રહણ ધાર્મિક રીતે પાળવાનું રહેશે.

ગ્રહણ સ્પર્શ : રાત્રે ૧૧ કલાક ૩૧ મીનીટ

ગ્રહણ મધ્ય : રાત્રે ૧ કલાક ૪૪ મીનીટ

ગ્રહણ મોક્ષ : રાત્રે ૩ કલાક ૫૬ મીનીટ

ગ્રહણનું પર્વ : ૪ કલાક ૨૫ મીનીટ

આ ગ્રહણ ભારત, એશિયા, ઓસ્ટ્રેલીયા, પુર્વ અમેરીકા, યુરોપ, આફ્રીકા વગેરેમાં દેખાશે.

ગ્રહણ દરમ્યાન કરવાના કૃત્યો : પુણ્યકાળ પહેલા સ્નાન કરવું, દેવપુજન, તર્પણ, મંત્ર-જાપ કરવા, ગ્રહણ છુટ પછી દાન કરવું.

ગ્રહણનો વેધ : બપોરના ૩ કલાક ૭ મીનીટથી છે. ત્યાર બાદ ભોજન લેવું નહી, તેમજ રાત્રે ૯ કલાકે ૭ મીનીટ પછી પાણી પીવું નહી. નાના બાળકો, વૃધ્ધો, અશક્ત, બિમાર વ્યકિતઓ વગેરે રાત્રે ૯ કલાક ૨૬ મીનીટ પહેલા ભોજન જલ લઈ શકાય.

રાશિવાર શુભ-અશુભ ગ્રહણની અસરો :

શુભ ફળ : વૃશ્ચિક, કુંભ, મિથુન, કર્ક

મિશ્ર ફળ : સિંહ, ધન, તુલા, મીન

અશુભ ફળ : મેષ, મકર, કન્યા, વૃષભ

ગ્રહણ મેષ રાશિ ભરણી નક્ષત્રમાં થનાર છે. તેથી ગ્રહણની આજુબાજુના દિવસોમાં કુદરતી આપતિ, યુધ્ધ વગેરેના બનાવો બને. હાલ ઈઝરાયલમાં યુધ્ધ ચાલી રહ્યુ છે. તેમાં તેની તિવ્રતા વધશે.

**જ્યોતિષી**
**દિનેશકુમાર અનંતરાય ભટ્ટ**
**પંચહાટડી ચોક, શારદા શેરી, જૂનાગઢ.**
**મો.નં.૯૮૨૪૪ ૨૨૨૮૦ - ૯૪૨૮૩ ૭૩૪૪૧**

# વેરાવળના સુપાસીમાં અગ્રણીઓના હસ્તે શસ્ત્ર પૂજન કરાયુ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૭



વેરાવળ તાલુકાનાં સુપાસી ગામે મહાકાલી ગરબી મંડળમાં શસ્ત્ર પુજનમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમીતી ના ઉપપ્રમુખ હીરાભાઈ જોટવા, તાલુકા પંચાયતના માજી સદસ્ય અને કારડીયા રાજપૂત અગ્રણી અરસીભાઈ પરમાર, ગીર સોમનાથ જીલ્લા કોંગ્રેસ ઓ બી સી ડીપાર્ટમેન્ટના પ્રમુખ જાદવભાઈ સોલંકી, આહીર અગ્રણી મહેનદરભાઈ સોલંકી, કાનાભાઈ સોલંકી, કારડીયા રાજપૂત અગ્રણી પ્રતાપભાઈ યાદવ, ગરબી મંડળ ના પ્રમુખ પુજાભાઈ સોલંકી, સેવાદલ અગ્રણી ખીમજીભાઈ બારડ, સરપંચ નારણભાઈ જોટવા, અતુલભાઈ ચાડેરા, ઉપસરપંચ અબદેરેમાનભાઈ, ભગવાનભાઈ પરમાર, સુપાસી કારડીયા સમાજના પટેલ પોલાભાઈ રાહુલ પરમાર ગીર સોમનાથ જીલ્લા પંચાયત વિરોધ પક્ષના નેતા અભયભાઈ જોટવા વિગેરે મોટી સંખ્યામાં લોકો શસ્ત્ર પુજનમાં જોડાણા હતા.

# જૂનાગઢ ઈન્કમટેક્સ કચેરી ખાતે જાહેર ટ્રસ્ટો અંગેના કાયદાની સમજણ માટે બેઠક યોજાઈ




જૂનાગઢ, તા.૨૭

કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં અમલમાં આવેલા જાહેર ટ્રસ્ટ અંગેના નિયમો, કાયદાની વિવિધ જોગવાઈઓની માહિતિ મળી રહે તે માટે જૂનાગઢ ઈક્રમટેક્સ કચેરી ખાતે આવકવેરા ખાતાના ઉચ્ચ અધિકારી યોગીશ મિશ્રાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી.

ભારત સરકારના આવકવેરા ખાતા ના ઉચ્ચ અધિકારી શ્રી યોગીશ મિશ્રાના અધ્યક્ષસ્થાને (એડિશનલ કમિશ્નર - એકઝમ્પશન – રેન્જ – ૨ ) અમદાવાદ દ્વારા ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટના આઉટરી, પ્રોગ્રામ હેઠળ જૂનાગઢના બહાઉદીન કોલેજ સામે આવેલ ઈન્કમટેક્સ ઓફિસ ખાતે એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મિટિંગમાં જૂનાગઢના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, કરવેરા સલાહકારો તથા ટ્રસ્ટીઓની બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મિશ્રાએ સરળ અને યોગ્ય રીતે જાહેર ટ્રસ્ટો અંગેના કાયદાની તાજેતરમાં જ અમલમાં આવેલ વિવિધ જોગવાઈઓ અંગે સમજૂતી - માર્ગદર્શન આપ્યા હતા. તથા શ્રોતાઓ તરફથી રજૂ કરવામાં આવેલ સવાલો અને સમસ્યાઓનું નિરાકરણ અંગે પણ સંતોષકારક પ્રત્યુતર આપવામાં આવ્યું હતું.

આ મિટિંગમાં રાજકોટથી ઈન્કમટેક્સ ઓફિસર એક્ઝમ્પસન વોર્ડ ૧ તથા બર અનુક્રમે ફારૂકભાઈ વકીલ, શ્રીમતી રૂપલબેન સાકરીયા તેમજ જૂનાગઢના ઈન્કમટેક્સ ઓફિસર દિનેશચંદ પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન સીએ અતુલભાઈ લાખાણી તથા આભાર વિધિ સીએ શીતલબેન થડેશ્વર દ્વારા કરવામાં આવી હતી.

# જૂનાગઢના આંગણે સાત દિવસીય દિવાળી હસ્તકલા મેળાનો પ્રારંભ

## દિવાળીના પર્વે જૂનાગઢવાસીઓને હસ્તકળાની કલાત્મક ચીજ વસ્તુઓ ખરીદવાની તક

જૂનાગઢ, તા.૨૭

મહિલાઓને પ્રોત્સાહિત કરવા અને દિવાળી પર્વે ખાસ આયોજિત સાત દિવસીય દિવાળી હસ્તકલા મેળો શરૂ થયો છે.



શહેરની એ. જી. હાઈસ્કૂલના મેદાન ખાતે ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. અને મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આયોજિત તથા જિલ્લા મહિલા બાળ વિકાસ અધિકારીની કચેરી દ્વારા સંકલિત દિવાળી હસ્તકલા મેળામાં રાજ્યભરની મહિલાઓ ભાગ લઈ રહી છે. તેમના દ્વારા જ હસ્તકલા, સુશોભન, હાથશાળ, માટીકલા વગેરે ઉત્પાદિત કલાત્મક વસ્તુઓનું વેચાણ સહ પ્રદર્શન ગઈકાલ તા.૨૬-૧૦-૨૦૨૩ થી તા. ૧-૧૧-૨૦૨૩ સુધી કરવામાં આવશે. આમ, દિવાળીના પર્વે જૂનાગઢવાસીઓને હસ્તકળાની કલાત્મક ચીજ વસ્તુઓ ખરીદવાની તક પણ મળી રહેશે. આ તકે મહિલા અને બાળ અધિકારી સી.ડી. ભાંભી, દહેજ પ્રતિબંધક અધિકારી એમ.જી. વારસુર તથા બી. ડી. ભાડ સહિતના અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

# ૬૩માં રાજય કલા પ્રદર્શનમાં જૂનાગઢનાં ચિત્રકારને મળ્યો એવોર્ડ




જૂનાગઢ, તા.૨૭

ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી દ્વારા આયોજિત '૬૩મું રાજ્ય કલા પ્રદર્શન ૨૦૨૨-૨૩'માં જૂનાગઢના (હાલ-રાજકોટ)ના ચિત્રકાર મનોજ જયંતીલાલ ગોહિલનું વોટર કલરમાં બનાવેલ ચિત્ર "ઓલ્ડ સ્ટ્રીટ" ને ચિત્રકલાનો એવોર્ડ સુપ્રસિદ્ધ ચિત્રકાર નટુ પરીખ, વૃંદાવન સોલંકી તેમજ જાણીતા શિલ્પકાર રતિલાલ કાંસોદરીયા અને ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમીના સચિવ ટી. આર. દેસાઈની ઉપસ્થિતિમાં રવિશંકર રાવળ કલાભવન -લો ગાર્ડન અમદાવાદ ખાતે તા.૨૩-૧૦-૨૦૨૩ના રોજ એનાયત કરવામાં આવ્યો હતો.

# જૂનાગઢ કૃષિ યુનિ. દ્વારા ૧૫ અઠવાડીયાના બેકરી શાળાની તાલીમપૂર્ણ કરનાર તાલીમાર્થીઓને પ્રમાણપત્ર એનાયત

જૂનાગઢ, તા.૨૭

જૂનાગઢ કૃષિ યુનિ.ના વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી અંતર્ગત કાર્યરત બેકરી શાળામાં ૧૫ અઠવાડિયાનો સર્ટીફીકેટ કોર્ષ પૂર્ણ થતા જૂનાગઢ કૃષિ યુનિ.ના કુલપતિ ડો. વી.પી. ચોવટીયાની અધ્યક્ષતમાં ૨૦ તાલીમાર્થીઓને પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.



જૂનાગઢ કૃષિ યુનિ.ના કિસાન વિકાસ ખાતે યોજાયેલ આ કાર્યક્રમનાં અધ્યક્ષ ડો. ચોવટીયાએ ઉપસ્થિત તાલીમાર્થિઓને સંબોધતા જણાવ્યું હતું કે, આવી ટુંકાગાળાની તાલીમ થકી રોજગાર વાંચ્છુયુવાનો સ્વનિર્ભરતા તરફ સરળતાથી આગળ વધી શકે છે.

આવી તાલીમો દ્વારા તેઓનો આત્મગૌરવનો વધારો થાય છે. અને પગપર ઊભા રહી શકે તેવો વ્યવસાય સરળતાથી મેળવી શકે છે. સાથે અન્ય લોકો માટે નવી રોજગારીનું સર્જન પણ કરી શકે છે. તેમણે વિસ્તરણ શિક્ષણ નિયામક કચેરી અંતર્ગત કાર્ય કરરત બેકરી તાલીક શાળાના મદદનીશ શિક્ષણશાસ્ત્રી ડો. દીપ્તીબેન ઠાકરની કામગીરી ને બીરદાવી હતી. આ પ્રસંગે શ્રી ડો. વી.પી. ચોવટીયાએ બેકરીનો ઈતિહાસ અને આજનાં સાંપ્રત સમયમાં બેકરી વ્યવસાયની વધતી માંગ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. આ પ્રસંગે વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. એન.બી. જાદવે બેકરી શાળામાં કૃષિ યુનિ. કાર્યાન્વીત થયાથી આજ સુધીમાં ૪૩૩ જેટલા તાલીમાર્થીઓએ ૧૫ અઠવાડીયાની તાલીમ હાંસલ કરી શ્રેષ્ઠ ઉદ્યોગકાર તરીકે વ્યવસાય શરૂ કરી સફળતા મેળવ્યાની વાત કરી હતી. તેમજ વોકેશનલ તાલીમ થી થતા લાભ અંગે જણાવ્યું હતું. કાર્યક્રમમાં અતિથિ વિશેષ સંબોધનમાં માહિતી મદદનીશ ક્રિષ્નાબેન સિસોદીયાએ તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કરતા જણાવયું હતું કે, આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર અભિયાનના સંકલ્પને આ બેકરી શાળા સાકાર કરી રહી છે.

બેકરી શાળા વર્ષ ૧૯૮૦ થી કાર્યરત થઈ ત્યાર થી અત્યાર સુધીમાં ૭૦૦૦ થી વધુ તાલીમાર્થીઓએ તાલીમ લીધી છે. જે ગૌરવની વાત છે. બેકરીશાળામાં સફળતા પુર્વક તાલીમ સંપન્ન કર્યા અંગે તાલીમાર્થિઓએ પોતાનાં પ્રતીભાવો વ્યકત કર્યા હતા. કાર્યક્રમમાં શાબ્દિક સ્વાગત જૂનાગઢ કૃષિ યુનિ.ના સહ વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. એચ.સી.છોડવડીયા એ અને આભાર વિધી મદદનીશ શિક્ષણશાસ્ત્રી ડો.ડી.એસ.ઠાકરે કરી હતી.

## ૨૧મી સદીના ખુબજ ગંભીર અને વૈશ્વિક વિષયોમાંના

# ક્લાઈમેટ ચેન્જ પોલિસી તથા કાયદાકીય શિક્ષણ ઉપર અભ્યાસક્રમ ઘડવા માટે સૌરાષ્ટ્ર પ્રાંતમાં મારવાડી યુનિવર્સીટીએ કરી પ્રથમ પહેલ




(પંકજ ઝીબા દ્વારા)


રાજકોટ, તા.૨૭

૨૧મી સદીના ખુબજ ગંભીર વૈશ્વિક વિષયોમાંના એકને સંબોધવાના એક સંયુક્ત પ્રયાસરૂપે યુરોપિયન યુનિયન ફન્ડેડ ERASMUS+ પ્રોજેક્ટ અંતર્ગત નિષ્ણાંતો, શિક્ષકો, તથા નીતિ નિર્માતાઓ "ક્લાઈમેટ ચેન્જ પોલીસી એન્ડ લો માટે અભ્યાસક્રમ વિકસાવવાના મુદ્દા પર રાઉન્ડ ધ ટેબલ" માટે પોતાના અનુભવી વિચારો માટે જોડાયા હતા. ૨૧મી ઑક્ટોબર, ૨૦૨૩ના રોજ, મારવાડી યુનિવર્સિટી, ફેકલ્ટી ઓફ લો ખાતે આયોજિત આ કાર્યક્રમમાં દેશ વિદેશથી જોડાયેલા ક્લાઈમેટ ચેન્જ એક્સપર્ટસ વચ્ચે વિવિધ વિચારો, વ્યૂહચર્યો, તથા વ્યક્તિગત અનુભવોની આપ-લે થઈ હતી. આ ચર્ચામાં ક્લાઈમેટ ચેન્જ નિષ્ણાતો જેમ કે ચેતન નંદાણી, ડેપ્યુટી કમિશ્નર, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન, પ્રો. (ડો.) એસ.પી. રાઠોડ, અમદાવાદથી શ્રી સિદ્ધ દોશી અને શ્વેતલ શાહ, બેન્ગ્લોરથી અભયરાજ નાઈક અને વિકાસ ગહલોત, પ્રો. રોન ગીસેકે, શિકાગો (યુ.એસ.એ.)થી, સેલિયા ફેનાન્ડે ડ્યુક, તથા રાજકોટથી ચિન્મયી હેમાની, ફોરમ ચંદારાણા, દિપક મદલાણી, વિકાસ કાછીયા, અને તુષાર પંચોલી જોડાયા હતા. બધાજ નિષ્ણાંતોએ આવનારી વિદ્યાર્થીઓની પેઢી જરૂરી જ્ઞાન કૌશલ્ય સાથે ક્લાઈમેટ ચેન્જનો કાયદાકીય અને નીતિ પ્રમાણે સામનો કરી શકે એવા અભ્યાસક્રમને આકાર આપવા ભાર મુક્યો હતો. "ક્લાઈમેટ ચેન્જ પોલીસી એન્ડ લો માટે અભ્યાસક્રમ વિકાસ પર રાઉન્ડ ટેબલ" એ શૈક્ષણિક સંસ્થાઓ, નીતિ નિર્માતાઓ અને નિષ્ણાતો વચ્ચે અભ્યાસક્રમ વિકસાવવા માટેના સહયોગી પ્રયાસનો પાયો નાખ્યો છે જે ભવિષ્યના લીડર્સને તૈયાર કરશે. આ અભ્યાસક્રમ મારવાડી યુનિવર્સીટી, રાજકોટ, સિમ્બાયોસીસ ઈન્ટરનેશનલ યુનિવર્સીટી, પુને, કોવેન્ટ્રી યુનિવર્સીટી, યુ.કે., યુનિવર્સીટી ઓફ જીરોના, સ્પેન, ઈન્ટરનેશનલ ઈસ્લામિક યુનિવર્સીટી, મલેશિયા, અને યુનિવર્સીટી ઉતરા, મલેશિયાના સંયુકત ઉપક્રમે ઘડવાની શરૂઆત થઈ ચુકી છે.

# ક્લબ મહિન્દ્રા ગીર રિસોર્ટ દ્વારા તાલાલા શ્રીબાઈ માતાના મંદિરે વોટર કુલર સિસ્ટમનું વિતરણ

(જાદવ ભોળા દ્વારા)

લોઢવા તા. ૨૬




ક્લબ મહિન્દ્રા ગીર રિસોર્ટ દ્વારા સોશ્યિલ એકટીવીટીના ભાગ રૂપે તાલાલા શ્રી બાઈ માતાના મંદિર માટે વોટર કુલર સિસ્ટમનું વિતરણ કરવામાં આવ્યું હતું. અત્રે ઉપસ્થિત ક્લબ મહિન્દ્રા ગીર રિસોર્ટના મેનેજર અનુરાગ ટંડન , એચઆર ડિપાર્ટમેન્ટના હેડ ભરતભાઈ વાળા, સંદીપ આનંદ ફ્રન્ટ ઓફિસ, અલતાપ દળ સ્ટોર અને પરચેઝ ડીપાર્ટમેન્ટ તરફથી તથા હોઉંસેકીપિંગ ડિપાર્ટમેંટ તરફથી સાબિર બ્લોચ આ વિતરણ દરમ્યાન હાજર રહ્યા હતા. તાલાલા શ્રી બાઈ મંદિર તરફથી મુકેશભાઈ, મંદિરના સંસાલક, ઓ.એમ. વાઘેલા (રિટાયર્ડ આરએફઓ ) તથા અન્ય સ્ટાફ હાજર રહ્યા હતા. આ વોટર કુલર સિસ્ટમ શ્રી બાઈ માતાના મંદિર નો સ્ટાફ તથા શ્રદ્ધાળુઓ માટે પાણીની વ્યવસ્થા હેતુ હેતુથી લગાવવામાં આવ્યો છે, ક્લબ મહિંદ્રા (ઓ મ એ ચ આર આઈ એ લ) મહિન્દ્રા હોલિડેઝ એન્ડ રિસોર્ટ ઈન્ડિયા લિમિટેડ દ્વારા આવી ઘણી સોશ્યિલ એકટીવીટી કરવામાં આવે છે જેનો ફાયદો સામુહિક કેન્દ્રો તથા લોકોને આપવામાં આવે છે.

# ગીરગઢડા : ક્રિષ્ના પાર્ક સોસાયટી ગરબી મંડળમાં શસ્ત્ર પૂજનનો કાર્યક્રમ યોજાયો

(નિરવ ગઢીયા દ્વારા) ઉના, તા.૨૭

ગીર ગઢડા ખાતે ક્રિષ્ના પાર્ક સોસાયટી- ગરબી મંડળમાં શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું હતું જેમાં ભાઈઓ , બહેનો તથા બાળકો દ્વારા આનંદ ભેર શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું જેમાં ૧૦૦ ઉપર લોકો જોડાયા હતા. સાથે ગરબી મંડલમાં નવરાત્રી ઉત્સવમાં નવ દિવસ રાસ લેતી બાળાઓને ક્રિષ્ના પાર્ક સોસાયટીના સભ્યોના સહયોગથી સોનાના દાણાની ભેટ આપવામાં આવી. સોસાયટીની ગરબીમાં તમામ સભ્યોએ ખૂબ સારી રીતે આયોજન કર્યું હતું અને માં અંબેના નવલા નોરતામાં ભારતીય પરંપરાને ઉજાગર કરતા રાસ અને ખૂબ ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી હતી.

# શરદ પૂર્ણિમાએ આવતીકાલ તા. ૨૮ ઓક્ટોબરને શનિવારના રોજ ચંદ્રગ્રહણ

## ગ્રહણને લઈ શ્રી ખોડલધામ મંદિરમાં સાંજની આરતી બંધ રહેશે, ભક્તો માટે દર્શન ખુલ્લા રહેશે

રાજકોટ, તા.૨૭



તારીખ ૨૮ ઓક્ટોબરને શનિવારના રોજ ચંદ્રગ્રહણને લઈને શ્રી ખોડલધામ મંદિરમાંગ્રહણના વેધ સ્પર્શથી મોક્ષ સુધી નિયમિત થતી પૂજાઓ, આરતી સહિતનો ઉપક્રમ સ્થગીત રહેશે. આવતીકાલ તા.૨૮ ઓકટોબરનું ચંદ્રગ્રહણ પાળવું શાસ્ત્રોક્ત રીતે આવશ્યક હોય, સ્થાનિક સમય પ્રમાણે નિચે મુજબ સમયે ગ્રહણનનો વેધ-સ્પર્ષ-મધ્ય-મોક્ષ વગેરે થાય છે. ચંદ્રગ્રહણને અનુલક્ષીને આવતીકાલ તા.૨૮/૧૦/૨૦૨૩ના રોજશ્રી ખોડલધામ મંદિરમાં સવારની આરતી નિયમિત ચાલું રહેશે. બપોરે ૧ વાગ્યાને ૪૨ મિનિટ પછી દરેક પૂજા ક્રમ બંધ રહેશે. સાથે જ સાંજની આરતી, ધ્વજાપૂજા, યજ્ઞ સહિતની તમામ પૂજાઓ બંધ રહેશે. જો કે ભક્તો માટે આખો દિવસ દર્શન ખુલ્લા રહેશે. પરંતુ કોઈ ભક્તો માતાજીને કોઈપણ પ્રકારની પ્રસાદી ધરી શકશે નહીં.

### તારીખ-28 તથા 29 /10/2023 ના ગ્રહણની વિગત

| વિગત | સમય |
|---|---|
| વેધ પ્રારંભ | બપોરે 1:42:44 (કલાક:મિનિટ:સેકન્ડ) |
| ગ્રહણ સ્પર્શ | રાત્રે 10:43:28 (કલાક:મિનિટ:સેકન્ડ) |
| ગ્રહણ મધ્ય | મધ્યરાત્રીના 12:57:00 (કલાક:મિનિટ:સેકન્ડ) |
| ગ્રહણ મોક્ષ | મધ્યરાત્રીના 03:08:03 (કલાક:મિનિટ:સેકન્ડ) |

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# કેનેડા અભ્યાસ અર્થે જનારા ૪૦ ટકા વિદ્યાર્થીઓ ભારતના છે

તમામ વિવાદ વચ્ચે પણ કેનેડા જણારાંઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળે છે. સૌથી મહત્વની વાત એ છે કે, ૨૦૧૭માં ૪,૫૪,૦૦૯ વિદ્યાર્થીઓ વિદેશ ગયા અને ૨૦૨૨માં આંકડો ૭,૫૦,૩૬૫ થયો છે. ૨૦૧૮માં આ આંકડો ૫,૧૭,૯૯૮ થયો અને ૨૦૧૯માં ૫,૮૬,૩૩૭ વિદ્યાર્થીઓ વિદેશ અભ્યાસ માટે ગયા હતા. વિશ્વમાં કોવિડની બીમારીના કારણે આંકડો ઘટયો અને વર્ષ ૨૦૨૦માં અને ૨૦૨૧માં અનુક્રમે ૨,૫૯,૬૫૫ અને ૪,૪૪,૫૫૩ વિદ્યાર્થીઓ વિદેશ ગયા હતા. ગુજરાતીઓમાં કેનેડા જવાનો 'ક્રેઝ' ખૂબ જ જોવા મળી રહ્યો છે. વિદેશ જતા વિદ્યાર્થીઓની સંખ્યા સતત વધી રહી છે. મોટાભાગના વિદ્યાર્થીઓ યુએસએ, યુકે, કેનેડા, ઑસ્ટ્રેલિયા જાય છે. કેટલાક વિદ્યાર્થીઓ ચીન, ઉઝબેકિસ્તાન, ફિલિપિન્સ, રશિયા, આયર્લેન્ડ, કિર્ગિસ્તાન, કઝાખસ્તાન એમબીબીએસ કરવા જાય છે. ૨૦૨૧ના આંકડા અનુસાર કૅનેડામાં ગુજરાતી ભાષા માતૃભાષા તરીકે ધરાવતા લોકોની વસ્તી ૧,૩૮,૯૮૫ છે. કૅનેડાની સરકાર વિઝા વિશેની માહિતીઓ ગુજરાતી અને હિંદી ભાષામાં પણ પ્રકાશિત કરે છે અને ગુજરાતી અખબારોમાં જાહેરાતો પણ આપે છે. વર્ષ ૨૦૨૨માં કુલ ૨.૨૬ લાખ ભારતીય વિદ્યાર્થીઓ કૅનેડા ભણવા માટે ગયા હતા. જ્યારે કુલ ૧૮૪ દેશોનાં કુલ ૫.૫૧ લાખ વિદેશી વિદ્યાર્થીઓ કૅનેડા ભણવા ગયા હતા. એટલે લગભગ ૪૦ ટકા વિદ્યાર્થીઓ ભારતનાં હતાં. મોટાભાગે કૅનેડામાં મોન્ટ્રિયલ, વૅનકૂવર, ટૉરન્ટો, ઑટ્ટાવા, ક્યૂબેક સહિતના શહેરોમાં જતા હોય છે. કૅનેડાના વિઝા નિયમો સહિતની પ્રક્રિયા સરળ છે. પીઆરની પ્રક્રિયા પણ સરળ છે.

છતાં ભારતીય વિદ્યાર્થીઓમાં સૌથી લોકપ્રિય દેશ અમેરિકા રહ્યો છે. અમેરિકા જતાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ૪.૬૫ લાખ છે. ત્યાર બાદ કૅનેડાનો નંબર બીજા ક્રમે આવે છે. અને ત્યાર પછી યુએઈનો ક્રમ આવે છે. જોકે આ સંખ્યા ભણવા જતા વિદ્યાર્થીઓની છે, જે માત્ર સ્ટુડન્ટ વિઝાનું પ્રમાણ દર્શાવે છે. અન્ય વિઝા જેમ કે એચવન-બી વિઝા, એલવન વિઝા સહિતની શ્રેણીના વિઝા પર પણ જતા લોકોની સંખ્યા ખુબ મોટી છે. કહેવાય છે કે, ગુજરાતીઓ કૅનેડામાં એકબીજાની દેખાદેખીમાં પણ આવતા હોય છે. તેમના મિત્રો કૅનેડા આવે એટલે તેઓ પણ કૅનેડા આવવા માગતા હોય છે. જ્યારે કેટલાકને કંઈક નવું ઍક્સપ્લોર કરવું હોય છે અથવા તો પીઆર સરળતાથી મળી જાય એટલે આવે છે. પરંતુ જે લોકો પર કૅનેડામાં આવીને જાતે કમાઈને આગામી વર્ષની ફી અને ખર્ચો ભેગા કરવાની જવાબદારી હોય છે, તેમના માટે પરિસ્થિતિ ખૂબ જ મુશ્કેલ બની જતી હોય છે. તેમણે મૉલ, સુપરસ્ટોર, રેસ્ટોરન્ટમાં ૧૨-૧૨ કલાકની નોકરીઓ કરવી પડે છે. તેમના માટે અસ્તિત્ત્વ ટકાવી રાખવું મુશ્કેલ બની જાય છે પણ પ્રગતિ ખુબ ઝડપથી થાય છે.

કૅનેડામાં નૉન-પ્રોફેશનલ્સ કૉર્સ માટે તક ઓછી છે. નોકરી મળવાની તકો આઈટી અને એન્જિનયરિંગ તથા સાયન્સ કોર્સ કર્યા પછી વધારે જોવા મળે છે. અને વૉકેશનલ સ્કિલબૅઝ્ડ નોકરીઓનું પ્રમાણ સારું છે. કૅનેડામાં એક વાસ્તવિકતા એ પણ છે કે ઘણા વિદ્યાર્થીઓ અહીં આવીને ડિપ્રેશનમાં આવી જતા હોય છે. કેમ કે, કૅનેડામાં ભણ્યા પછી તે ઘર, ગાડી, મોંઘો ફોન સહિતની સુવિધાઓ સાથે જીવન જીવવા લાગે છે. બીજી બાજુ કૅનેડામાં ૩૦ ટકા ટૅક્સ ભરવો પડે છે અને કેટલાક કિસ્સામાં એ ૫૦ ટકા સુધી પણ પહોંચી શકે છે. જેથી ગણતરીની આવક સામે એટલી જ જાવક હોવાથી ખૂબ જ ગણતરી કરીને ચાલવું પડે છે. ખાવાપીવાનું પણ મોંઘું છે. જીવનનિર્વાહના ખર્ચનો દર ઊંચો છે. આથી વ્યક્તિએ સમજી વિચારીને નિર્ણયો લેવા જોઈએ. માત્ર ૧૨મું ભણીને વ્યક્તિ કૅનેડા આવી જાય છે, ત્યારે તેના માટે સ્થિતિ પડકારજનક હોય છે. કેમ કે તે વ્યક્તિ પાસે નોકરીનો અનુભવ નથી હોતો, તે દુનિયાની પરેશાનીઓ અને બાબતોને સમજવા માટે પરિપક્વ નથી હોતી. એટલે અહીં આવીને કઠિન સંજોગોમાં એ પોતાને એકલું અને મજબૂર અનુભવે છે. બીજી તરફ ઘણાં એવા પણ છે જેમણે તમામ પડકારોનો સામનો કરીને એક સારું મુકામ હાંસલ કર્યું છે.

વિદ્યાર્થીઓ ખાસ કરીને કૅનેડાને પ્રાધાન્ય આપે છે. તેના પાછળના કારણમાં તેનું જોબ માર્કેટ જવાબદાર પરિબળ છે. કૅનેડામાં ડિપ્લોમા, પોસ્ટડિપ્લોમા, એડવાન્સ ડિપ્લોમા કોર્સ ચાલતા હોય છે. આ કોર્સ ૨ વર્ષના હોય છે. એ કર્યા પછી ૩ વર્ષના ઑપન વર્ક વિઝા મળી જાય છે. જેના અંતર્ગત વ્યક્તિ એકાદ-બે વર્ષ સુધી કામ કરી લે એટલે તેને જો ત્યાર બાદ જરૂરી પૂરતા સીઆરએસ - કૉમ્પ્રિહેન્સિવ રેટિંગ સિસ્ટમથી પૉઇન્ટ્સ પ્રાપ્ત થઈ જાય તો પીઆર -પરમાનન્ટ રેસિડન્સી મળી શકે છે. આમ વ્યક્તિ પીઆર માટે અરજી કરી શકે છે. જ્યારે બીજી બાજુ અમેરિકા, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝિલેન્ડ સિહતના દેશોમાં પીઆર મેળવવા આટલા સરળ નથી. અમેરિકામાં ભણતર મોંઘું છે. ઉપરાંત પીઆર મેળવવા પણ કઠિન છે. જેથી લોકો પહેલાં કૅનેડાને પ્રાધાન્ય આપે છે. ઉપરાંત કૅનેડામાં સ્કિલ વિઝા હેઠળ પ્રોફેશનલ્સ પણ પ્રવેશ મેળવી શકે છે. સાથે સાથે પાર્ટટાઈમ નોકરી પણ કરે છે. થોડી ઘણા પૈસા ભેગા કરે છે. પછી ડિપ્લોમા પૂર્ણ કરીને તેને ક્યાં તો કોલેજ નોકરી શોધી આપે છે અથવા તે પ્રયત્ન કરી શોધી લે છે.હ્વકામ કરીને એકાદ-બે વર્ષમાં સીઆરએસ પૉઈન્ટ જે વર્તમાન સમયમાં ૫૦૦થી વધુ પૉઈન્ટના કટ-ઑફ ધરાવે છે તે કમાઈ લે છે. આમ કરવાથી તે પીઆર માટે અરજી કરવાની યોગ્યતા પ્રાપ્ત કરી લે છે. ને કૅનેડા ગયા પછી અમેરિકા જવાના પ્રવેશના દરવાજા ખૂલી જાય છે. અમેરિકા અને કૅનેડા બંને પાડોશી દેશો છે. બંને દેશો વચ્ચેના સંબંધો પણ સારા છે. કૅનેડા અને અમેરિકા વચ્ચે અવરજવર સહેલાઈથી થઈ શકતી હોય છે. માટે આજના તમામ વિવાદો વચ્ચે પણ કેનેડા શ્રેષ્ઠ વિકલ્પ છે.

### હજારોની સંખ્યામાં ખુલશે રોજગારના અવસરો

# ગુજરાત સરકાર અને રિયલ એસ્ટેટ ડેવલપર્સ વચ્ચે ૭,૪૬૦ કરોડના MoU

અમદાવાદ, તા.૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી આગામી જાન્યુઆરી-૨૦૨૪ માં યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ૧૦ મી સીરીઝનાં પ્રારંભ પૂર્વે જ વિવિધ ઉદ્યોગ જુથો સાથ MoUનો ઉપક્રમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં વેગવંતો બન્યો છે. રાજ્ય સરકારે પ્રતિ સપ્તાહ આવા MoU વિવિધ ઉદ્યોગો સાથે કરવાનો જે સિલસીલો શરૂ કર્યો છે તેમાં અત્યાર સુધીમાં 39 MoU રૂ. ૧૮,૪૮૬ કરોડના સંભવિત રોકાણો માટેના થયા છેરાજ્ય સરકારે પ્રતિ સપ્તાહ આવા રેં વિવિધ ઉદ્યોગો સાથે કરવાનો જે સિર્લસિલો શરૂ કર્યો છે તેમાં અત્યાર સુધીમાં ૩૯ MoU રૂ. ૧૮,૪૮૬ કરોડના સંભવિત રોકાણો માટેના થયા છે. રૂ. ૭૪૫૯.૬૮ કરોડના MoU મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં આ શૃંખલામાં આગળ વધતા રાજ્યમાં સ્માર્ટ એન્ડ સસ્ટેઈનેબલ સિટી ડેવલપમેન્ટ અંતર્ગત શહેરી વિકાસ વિભાગે પણ વાઈબ્રન્ટ સમિટ પૂર્વાર્ધ રૂપે રિયલ એસ્ટેટ ડેવલપર્સ સાથે મહત્વપૂર્ણ MoU આ સપ્તાહે યોજયેલી કડીમાં કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ૮ જેટલા ડેવલપર્સ દ્વારા રાજ્યના અમદાવાદ, વડોદરા અને સુરત મહાનગરમાં કોમર્શિયલ પ્રોજેક્ટસ, કોમર્શિયલ એન્ડપ રેસીડેન્સીયલ પ્રોજેક્ટસ માટે કુલ રૂ. ૭૪૫૯.૬૮ કરોડના MoU શહેરી વિકાસ વિભાગ સાથે કરવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટસ પર સત્વરે કામ શરૂ થશે અને સંભવત ૨૦૨૬ થી ૨૦૨૮ સુધીમાં પૂર્ણ થશે એટલું જ નહિ તેમાં અંદાજે ૪,૭૫૦ જેટલા લોકોને રોજગાર અવસર મળવાની સંભાવના છે. ગુજરાતમાં વાઈબ્રન્ટ સમિટની ઉત્તરોત્તર સફળતાને પગલે અનેક મોટા રોકાણો તથા ઔદ્યોગિક પ્રોજેક્ટસ આવ્યા છે. પરિણામે રાજ્યના મહાનગરોમાં વર્લ્ડક્લાસ સુવિધાઓ વિકસે તથા અન્ય કોમર્શિયલ અને રેસીડેન્સીયલ ફેસેલીટીઝ પણ સમયની માંગ અનુરૂપ અદ્યતન બને તેવી અપેક્ષાની આપૂર્તિ માટે મ્યુનિસિપલ સંસ્થાઓ અને રિયલ એસ્ટેટ ડેવલપર્સ વચ્ચે થયેલા આ MoU નિર્ણાયક બની રહેશે. તદઅનુસાર, મોટી ઈમારતો અને લાર્જ સ્કેલ હાઉસીંગ પ્રોજેક્ટસના નિર્માણ ક્ષેત્રે અનુભવી ડેવલપર્સ અને બાંધકામ ઉદ્યોગની તજજ્ઞતાનો લાભ રાજ્ય સરકારને મળશે. સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, હાઉસીંગ સેક્ટર સહિતના સસ્ટેઈનેબલ અર્બન ડેવલપમેન્ટથી મોટા પાયે રોજગારીનું સર્જન પણ આવા પ્રોજેક્ટસ કાર્યરત થતાં થઈ શકશે. નોંધનીય છે કે રાજ્યના પાંચ મુખ્ય શહેરો અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને



ગાંધીનગરમાં સ્કાયરાઈઝ બિલ્ડીંગ્સ, ૧૦૦ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતી ઈમારતોના નિર્માણ માટે બાંધકામ નિયમોમાં ૨૦૨૦માં વિશેષ જોગવાઈઓ દાખલ કરેલી છે. પરિણામેં આ મહાનગરોમાં જમીનોના મહત્તમ ઉપયોગ સાથે સંપૂર્ણ કોર્પોરેટ બિલ્ડિંગ્સ અને ઉંચા કોમર્શિયલ પ્રોજેક્ટસ શરૂ થવા જઈ રહ્યા છે.આ સંદર્ભમાં જે MoU થયા છે તેમાં, અમદાવાદ મહાનગરમાં ૪ પ્રોજેક્ટસમાં રૂ. ૬,૬૦૧ કરોડના સંભવિત રોકાણો આવશે.એટલું જ નહીં, સુરતમાં રૂ. ૪૫૦ કરોડના અને વડોદરામાં રૂ. ૪૧૦ કરોડના રોકાણો માટેના MoU કરવામાં આવ્યા છે.

### વર્ષનું છેલ્લું ચંદ્ર ગ્રહણ હોવાથી મંદિરોમાં દર્શન તેમજ આરતીમાં ફેરફાર

# શામળાજીમાં ગ્રહણને કારણે દર્શનના સમયમાં ફેરફાર કરાયો

અરવલ્લી, તા.૨૭

આગામી બે દિવસ બાદ આ વર્ષનું છેલ્લું ચંદ્ર ગ્રહણ હોવાથી ગુજરાતના મોટા મંદિરોમાં દર્શન તેમજ આરતીમાં ફેરફાર કરવામાં આવ્યો છે, તો કેટલાક મંદિરો બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ત્યારે પ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી વિષ્ણુ મંદિરે શરદ પૂર્ણિમા આસો સુદ-૧૫ તા.૨૮.૧૦.૨૩ શનિવારે ઉજવાશે. આ દિવસે ભગવાન કાળિયા ઠાકરના દર્શનનો સમય ગ્રહણ હોવાના કારણે ફેરફાર કરાયો છે. તદુપરાંત ૨૮ ઓક્ટોબરને શનિવારે ગ્રહણ હોવાના કારણે મંદિર ટ્રસ્ટ દ્વારા તારીખ ૨૭ ઓક્ટોબરને શુક્રવારે શરદ ઉત્સવ ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. શરદપૂર્ણિમાને લઈને શામળાજી મંદિરમાં દર્શનમાં અને શરદ ઉત્સવ બંનેમાં ફેરફાર કરાયો છે. જાણવા મળી રહ્યું છે કે ગ્રહણને લઈને આવતી કાલે શરદ ઉત્સવ ઉજવવામાં આવશે.

શામળાજી મંદિરના દર્શનના સમયમાં ફેરફાર

- ૨૮ તારીખે પૂર્ણિમા નિમિતે મંદિર દર્શનના સમયમાં ફેરફાર
- પૂર્ણિમા દિવસે મંદિર ખુલશે સવારે ૬ કલાકે
- માંગડા આરતી -૬:૪૫,
- શણગાર આરતી ૮:૩૦ કલાકે
- મંદિર બંધ થશે ૧૧:૧૫ કલાકે
- મંદિર ખુલશે બપોરે ૧૨ કલાકે
- મંદિર બંધ થશે (ઠાકોરજી પોઢી જશે) ૧૨:૪૫ કલાકે
- મંદિર ખુલશે બપોરે ૨:૧૫ કલાકે
- સંધ્યા આરતી સાંજે ૪:૩૦ કલાકે
- શયન આરતી સાંજે ૫:૪૫ કલાકે
- મંદિર બંધ થશે સાંજે ૬ કલાકે
- ગ્રહણને લઈ ને મંદિર વહેલા બંધ થશે

# હંગામી કર્મીઓને કાયમી કરવાની ગુજરાત સરકારની વિચારણા

### આરોગ્ય વિભાગ દ્વારા તાત્કાલિક અસરથી લેવામાં આવી શકે નિર્ણય

ગાંધીનગર, તા.૨૭

રાજ્ય સરકાર દ્વારા સરકારમાં હંગામી જગ્યાઓને કાયમી કરવા તરફ વિચારણા શરૂ કરી છે. ત્યારે રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા તાત્કાલિક અસરથી વર્ગ એક થી લઈને વર્ગ ચાર સુધી હંગામી જગ્યાઓ ને કાયમી જગ્યામાં રૂપાંતર કરવા માટેની વિગતો વિભાગ પાસે મંગાવાઈ છે. જેમાં હંગામી જગ્યામાં હાલ આઉટસોર્સિંગ કે અન્ય કોઈ રીતે કામ કરતા હોય તો તેની નોંધ લખવાની સૂચના પણ આપવામાં આવી છે. આરોગ્ય વિભાગના પત્રમાં હંગામી જગ્યાને કાયમી જગ્યામાં રૂપાંતર કરવાની યોજના સરકારની વિચારણા હેઠળનો છે ઉલ્લેખ કરાયો છે. રાજ્ય સરકારે તાજેતરમાં કરાર આધારિત કર્મચારીઓ માટે મહત્વનો નિર્ણય કર્યો હતો. ફરજ દરમિયાન કરાર આધારિત કર્મચારીનું અવસાન થાય તો ઉચ્ચક ૧૪ લાખની સહાય. આ લાભ વર્ગ-૩ અને ૪ના કરાર આધારિત કર્મચારીને મળશે.

# દિવાળી બાદ શિક્ષણ વિભાગની વહીવટી જગ્યાઓ ભરવામાં આવશે

### જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓની નિમણૂક થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૨૭

ગુજરાતના શિક્ષણ વિભાગ માટે મોટા સમાચાર સામે આવી રહ્યા છે. જેમાં દિવાળી બાદ શિક્ષણ વિભાગની વહીવટી જગ્યાઓ ભરવામા આવે તેવી શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરે જાહેરાત કરી છે. જેનો સીધો અર્થે એ થાય છે કે દિવાળી બાદ તમામ જિલ્લાઓને DEO અને DPEO મળશે. જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓની નિમણૂક કરી શિક્ષણનું સ્તર સુધારવાની દીશામાં કાર્યવાહી ચાલી રહી છે. નોંધનિય છે કે રાજ્યમાં ૩૯ DEO-DPEO ની ખાલી જગ્યાઓ ચાર્જમાં ચાલી રહી છે. જે વ્યવસ્થા હવે સુધરશે. ચાર્જને કારણે અનેક પ્રશ્નો વણઉકેલ્યા છે. જેને લઈને હવે આ વ્યવસ્થા સુધરે તેવા સંજોગો વર્તાઈ રહ્યા છે. જેની જવાબદારી જિલ્લામાં શિક્ષણની ગુણવત્તા પર દેખરેખ રાખવાની અને નિરીક્ષણ કરવાની હોય છે, તે ડીઈઓ અને ડીપીઈઓના હવાલાથી વહીવટી કામગીરી સાથે જોડાયેલા હોવાથી શાળાઓની ગુણવત્તા સુધારવાની કામગીરીમાં હાલ અનેક અવરોધ પેદા થઈ રહ્યા છે.

### લોકસભાની ચૂંટણી પહેલા આંતરિક વિવાદ

# ગુજરાત કોંગ્રેસમાં આંતરિક વિવાદ ચરમસીમાએ પહોંચ્યો

સુરત, તા.૨૭

સુરત જિલ્લા કોંગ્રેસમા આંતરિક વિખવાદ હવે ચરમ સીમાએ પહોંચ્યો છે, પક્ષથી નારાજ ચાલતા હોદ્દેદારો એક બાદ એક ખુલીને બહાર આવી રહ્યા છે, બે દિવસ પહેલા સરદાર નગરી બારડોલીના કોંગ્રેસ સમિતિના સંગઠનના હોદ્દેદારોએ રાજીનામાં આપી દીધા બાદ આજે માંગરોળ તાલુકા કોંગ્રેસના હોદ્દેદારો દ્વારા પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરી પોતાનો રોષ ઠાલવ્યો હતો. સુરત જિલ્લાના વર્તમાન પ્રમુખ પોતાની મનમાની કરી રહ્યા હોવાનું ગંભીર આક્ષેપ કરી રહ્યા છે એક સમયે સુરત જિલ્લાના છેવાડે આવેલા માંગરોળ અને ઉમરપાડા તાલુકા કોંગ્રેસ નો ગઢ ગણાતો હતો પરંતુ કોંગ્રેસ પક્ષ આ વિસ્તારમાંથી નેસ્ત નાબૂદ થઈ ચુક્યો છે, વિધાનસભાની ચૂંટણીની વાત હોઈ કે પછી સ્થાનિક સ્વરાજ્યની, કોંગ્રેસનું પ્રદર્શન નાલેશીજનક રહ્યું છે જિલ્લા પંચાયત તાલુકા પંચાયત માંડ એકાદ બે બેઠકો કોંગ્રેસ જીતી ચુક્યા છે, સુરત જિલ્લા પ્રમુખ દ્વારા હોદ્દેદારોની વરણીમા પણ પક્ષ પાટ કરવામાં આવ્યો છે. માંગરોળ વિધાનસભા વિસ્તારમાં વસાવા અને મુસ્લિમ સમાજની બહુ વસ્તી હોવા છતાં તેમની બાદબાકી કરવામાં આવે છે, જેને લઈ માંગરોળ તાલુકા કોંગ્રેસ દ્વારા જિલ્લા પ્રમુખ મનહર પટેલ તેમજ દક્ષિણ ગુજરાતના પ્રભારી યુનુષ પટેલને હોદ્દા પરથી હટાવા માંગ કરી છે, બારડોલી તાલુકા કોંગ્રેસ બાદ માંગરોળ તાલુકા કોંગ્રેસ પણ માંગ કરી રહ્યું છે. સુરત જિલ્લા પ્રમુખ મનહર પટેલે બારડોલી અને માંગરોળ તાલુકા કોંગ્રેસના હોદ્દેદારો દ્વારા કરવામાં આવેલા આક્ષેપોને સખત શબ્દોમા વખોડી નાખ્યા છે, જે હોદ્દેદારો વિરોધ કરી રહ્યા છે તેઓનો વિરોધ પાયા વિહોણો છે કોંગ્રેસ પક્ષ ની જે હાલત છે તે હોદ્દેદારો ના કારણે છે કોઈ પણ કાર્યક્રમ હોઈ હોદ્દેદારોને વારંવાર ટેલિફોનિક તેમજ મેસગ દ્વારા જાણ કરવા છતાં કાર્યકમમા ગેરહાજર રહે છે પાર્ટી દ્વારા શોપવામાં આવતા કામની જવાબદારી પણ નિભાવતા નથી અને જેને લઈ કોંગ્રેસને મજબૂત બનાવા માટે જુના હોદ્દેદારોને હટાવી નવાની નિમણુંક કરવામાં આવી છે , જિલ્લા પ્રમુખ એ આશંકા પણ વ્યક્તિ કરી હતી કે તેમની વિરૃદ્ધ કોઈ ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

માનવી... તું સ્મિત અને આંસુ વચ્ચેનું લોલક છે.

- બાયરન

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ખોરદાદ-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, આસો સુદ-૧૩ ચૌદશનો ક્ષય છે, પંચક તા.૨૭ ઓક્ટોબર ૨૦૨૩, શુક્રવાર, પારસી તા.૧૩, મુસ્લિમ તા.૧૧, ઉત્તરાભાદ્રપ્રદા નક્ષત્ર, હર્ષણ યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૫૪, સૂ.અ.૬:૧૬

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: યશ, કીર્તિ પ્રાપ્ત થાય. પ્રિયજનથી મદદ મળે.
વૃષભ:જીવનસાથી સાથે વિશેષ સ્નેહ રહે. આર્થિક સમસ્યાનો ઉકેલ મળે.
મિથુન:કાર્યબોજમાં વધારો થાય. આર્થિક લાભની તક સાંપડે.
કર્ક: મનોકામના પૂર્ણ થાય. સંપત્તિને લગતા કાર્યોમાં સફળતા મળે.
સિંહ: એક સાંધો ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિ સર્જાય. ગૃહવિવાદ.
કન્યા: વિરોધીઓને પીછે હટ કરવી પડે.જૂના મિત્રોની મદદ મળે.
તુલા: મિલન-મુલાકાત નિષ્ફળ નિવડે. મન વ્યગ્ર રહે.
વૃશ્ચિક:કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે. નવિન શુભ સમાચાર મળે.
ધન: વાણી સંયમ જાળવવો હિતાવહ. વિલંબ બાદ કાર્યમાં સફળતા મળે.
મકર: હિતશત્રુઓથી સાવધ રહેવું. આરોગ્ય બાબતે સંભાળવું.
કુંભ: મનમાં બેચેની રહે. લાલચથી દૂર રહેવું હિતાવહ.
મીન: આકસ્મીક ધન લાભ થવાની શક્યતા. ધીરજના ફળ મીઠા મળે.

# રામબાગ પેલેસ જયપુરની સૌથી વૈભવી હોટેલોમાંની એક



નવી દિલ્હી, તા.૨૭

જયપુર શહેર ઐતિહાસિક ઈમારતોની સાથોસાથ તેની ભવ્ય રાજશાહી હોટલ માટે પણ વિશ્વ પ્રસિદ્ધ છે. તેની પાસે વિશ્વની શ્રેષ્ઠ અને એક પ્રકારની લક્ઝરી હોટલ છે, જ્યાં સમગ્ર વિશ્વના લોકો અહીંની રાજશાહી હોટલોનો આનંદ માણવા લાખો રૂપિયા ખર્ચે છે. આવી જ એક હોટેલ જયપુરના રામબાગ સર્કલ પર સ્થિત હોટેલ રામબાગ પેલેસ છે. રામબાગ પેલેસ એ જયપુરની સૌથી વૈભવી અને સૌથી મોંઘી હોટેલોમાંની એક છે. એક ઐતિહાસિક મહેલની ઈમારતના રૂપમાં બનેલી આ હોટલને જયપુરનું ગૌરવ માનવામાં આવે છે. કારણ કે અનેક પ્રખ્યાત અને મોટી હસ્તીઓ અહીંનો શાહી ઠાઠ માણે છે. આ હોટલમાં તમે ગાર્ડનની મજા પણ માણી શકો છો. આ હોટલમાં મોટાભાગના વિદેશી પ્રવાસીઓ અને સેલિબ્રિટીઓ આવે છે. આ હોટલમાં રોકાવા માટે અગાઉથી બુકિંગ કરાવશો તો જ અહીં રૂમ મળશે. અહીં રહેવા માટે અલગ અલગ રૂમ છે. જેના ભાડા પણ અલગ-અલગ છે. જેના કારણે શરૂઆતી કિંમત ૩૦ હજારથી ૧૦ લાખ રૂપિયા સુધીની છે. વૈભવી બેડરૂમ રાજાઓ અને સમ્રાટોની યાદ અપાવે છે. જયપુરનો રામબાગ પેલેસ દેખાવમાં જેટલો સુંદર છે, તેટલો જ તેમાં લક્ઝરી સુવિધાઓ પણ છે. ભારતના વિવિધ રાજ્યોની તમામ પ્રખ્યાત વાનગીઓ અહીં ઉપલબ્ધ છે. અહીં એક કપ ચાની કિંમત સામાન્ય વ્યક્તિના રાત્રિભોજનને આવરી લેવા માટે પૂરતી છે અને અહીં એક રાત વિતાવવાનું ભાડું પણ હજારો રૂપિયા છે. રામબાગ પેલેસમાં તમામ વૈભવી સુવિધાઓ છે.રામબાગ પેલેસનું નામ જ વૈભવી સુવિધાઓ માટે પૂરતું છે.અહીં આવતા મહેમાનો માટે હોટેલમાં ઘણી સુવિધાઓ છે જેમાં એક રોયલ ડાઈનિંગ રૂમ, એક માસ્ટર બેડરૂમ, ડ્રેસિંગ એરિયા, સ્વિમિંગ પૂલ, ફિટનેસ હબ અને એક ભવ્ય બગીચો જેની અનોખી સુંદરતા લોકોને મોહિત કરે છે. તમે આ હોટેલમાં રાત વિતાવવા માટે ભાડા સાથે તમારા ફ્લેટની EMI પણ ચૂકવી શકો છો. તેનું રાત્રિનું ભાડું ૩૦ હજારથી ૧૦ લાખ રૂપિયા સુધી છે. સુવિધાઓની સાથે સાથે તમામ ભાષાઓ બોલતા સેવકો સહિત તમામ સેવાઓ માટે સ્ટાફ છે, મહેમાનો અને વિદેશી પ્રવાસીઓ માટે ડોક્ટરની સુવિધા, વાઈ-ફાઈ વગેરે છે.

# ગાઝા હોસ્પિટલમાં વિસ્ફોટ માટે જવાબદાર કોણ ? આ વિસ્ફોટ વિશે આપણે અત્યાર સુધીમાં શું જાણીએ છીએ



(એજન્સી) તા.૨૭

તાજેતરમાં ગાઝા પટ્ટીમાં એક હોસ્પિટલમાં વિસ્ફોટ થયા પછી સેંકડો લોકોના મૃત્યુ થયા છે. હમાસ જે ગાઝાનું નિયંત્રણ કરે છે, તેણે આ વિસ્ફોટને ઈઝરાયેલના હવાઈ હુમલાને જવાબદાર ઠેરવ્યો હતો. ઈઝરાયેલે કહ્યું છે કે, તે અન્ય સશસ્ત્ર જૂથ, પેલેસ્ટીની ઈસ્લામિક જેહાદ દ્વારા ચલાવવામાં આવેલા એક ભૂલથી રોકેટને કારણે થયું હતું, જેણે આ નિવેદનને નકારી કાઢ્યું હતું. બુધવારે રાષ્ટ્રપતિ જો બાઈડેને ઈઝરાયેલની સ્થિતિને સમર્થન આપ્યું હતું. આવા સ્પર્ધાત્મક દાવાઓની સ્વતંત્ર રીતે ચકાસણી કરવામાં આવી નથી. ધ ન્યૂયોર્ક ટાઈમ્સ ફોટા, વીડિયો ફૂટેજ અને અન્ય પુરાવાઓના વિશ્લેષણ તેમજ ઈન્ટરવ્યૂ દ્વારા વિવિધ રીતે મૂલ્યાંકન કરવા માટે કામ કરી રહ્યું છે. ગાઝા શહેરની અહલી અરબ હોસ્પિટલમાં વિસ્ફોટ વિશે આપણે અત્યાર સુધી શું જાણીએ છીએ.

**મૃત્યુઆંક વિશે આપણે શું જાણીએ છીએ ?:-**

વિસ્ફોટની રાત્રે, ગાઝાન આરોગ્ય મંત્રાલયના પ્રવક્તાએ મૃતકોની સંખ્યા ૫૦૦ અથવા તેથી વધુ કહી છે. સ્વતંત્ર રીતે કોઈ પુષ્ટિ કરી શકાઈ નથી, પરંતુ હોસ્પિટલ અને સાક્ષીઓ અને છબિઓ સ્પષ્ટ કરે છે કે, આ આંકડો વધારે છે. નજીકની શિફા હોસ્પિટલના વડા, મોહમ્મદ અબુ સેલીમ, વિસ્ફોટના કલાકો પછી એક મુલાકાતમાં જણાવ્યું હતું કે, વિસ્ફોટમાં માર્યા ગયેલા ૧૫૦થી ૨૦૦ લોકોને તેમની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા અને લગભગ ૩૦૦ લોકો ઘાયલ થયા હતા. તેમણે કહ્યું કે, ઘણા મૃતદેહોની ભયંકર સ્થિતિને કારણે તેમની પાસે મૃતકોની કોઈ સત્તાવાર સંખ્યા નથી. ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું હતું કે, જાનહાનિની સંખ્યા વધી છે. હમાસ દ્વારા સંચાલિત ગાઝાન આરોગ્ય મંત્રાલયે બુધવારે કહ્યું કે, ૪૭૧ લોકો માર્યા ગયા છે અને સેંકડો ઘાયલ થયા છે. આ આંકડાઓની સ્વતંત્ર રીતે પુષ્ટિ થઈ શકી નથી, જો કે, ધ ન્યૂયોર્ક ટાઈમ્સ દ્વારા ચકાસાયેલ વીડિયો ફૂટેજ હોસ્પિટલના આંગણામાં ફેલાયેલા સંખ્યાબંધ મૃતદેહો દર્શાવે છે. આ હોસ્પિટલ એંગ્લિકન ચર્ચ દ્વારા ચલાવવામાં આવે છે અને આર્કબિશપ હોસમ નૌમ દ્વારા દેખરેખ રાખવામાં આવે છે, જેમણે કહ્યું હતું કે, તાજેતરના દિવસોમાં મોટી સંખ્યામાં લોકોએ ઈઝરાયેલી હવાઈ હુમલાઓથી બચવા માટે ત્યાં આશ્રય લીધો હતો. તેની વેબસાઈટ અનુસાર, હોસ્પિટલમાં સામાન્ય રીતે ૮૦ બેડ હોય છે.

**યુનાઈટેડ સ્ટેટ્સ સરકારે શું કહ્યું ? :-**

નેશનલ સિક્યોરિટી કાઉન્સિલના પ્રવક્તા એડ્રિન વોટસને જણાવ્યું હતું કે, યુએસ સરકાર મૂલ્યાંકન કરે છે કે, ગાઝા પટ્ટીની અલ અહલી હોસ્પિટલમાં ગઈકાલે સેંકડો નાગરિકો માર્યા ગયા તે વિસ્ફોટ માટે ઈઝરાયેલ જવાબદાર નથી. અમારૂં મૂલ્યાંકન ઉપલબ્ધ રિપોર્ટિંગ ઉપર આધારિત છે, જેમાં ઈન્ટેલિજન્સ, મિસાઈલ પ્રવૃત્તિ અને ઓપન-સોર્સ વીડિયો અને ઘટનાની છબિઓનો સમાવેશ થાય છે. વોટસને જણાવ્યું હતું કે, ગુપ્તચર માહિતી દર્શાવે છે કે, ગાઝા પટ્ટીમાં કેટલાક પેલેસ્ટીની લડવૈયાઓ માને છે કે, વિસ્ફોટ સંભવિત રીતે પેલેસ્ટીની ઈસ્લામિક જેહાદ દ્વારા કરવામાં આવેલા રોકેટ અથવા મિસાઈલ પ્રક્ષેપણને કારણે થયો હતો. યુએસ અધિકારીઓએ, સંવેદનશીલ માહિતીની ચર્ચા કરવા માટે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, ઈન્ફ્રારેડ સેટેલાઈટ ડેટા સહિત પ્રારંભિક ગુપ્ત માહિતી ગાઝાની અંદર પેલેસ્ટીની ફાઈટર પોઝિશન્સ પરથી રોકેટ અથવા મિસાઈલનું પ્રક્ષેપણ દર્શાવે છે. તેઓએ ચેતવણી આપી હતી કે, આ વિશ્લેષણ પ્રારંભિક છે. સંરક્ષણ વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, ઈન્ફ્રારેડ સેન્સર દ્વારા એકત્રિત કરવામાં આવેલા ડેટાના આધારે, યુનાઈટેડ સ્ટેટ્સને વિશ્વાસ કે આ પ્રક્ષેપણ ઈઝરાયેલી દળો તરફથી આવ્યું ન હતું.

**પેલેસ્ટીની ઇસ્લામિક જેહાદે શું કહ્યું ? :-**

પેલેસ્ટીની ઈસ્લામિક જેહાદે એવા દાવાને નકારી કાઢ્યું હતું કે, તેના શસ્ત્રાગારનું રોકેટ આ વિસ્ફોટનું કારણ બન્યું હતું. ટાઈમ્સ સાથેના ફોન ઈન્ટરવ્યૂમાં જૂથના પ્રવક્તા, મુસાબ અલ-બ્રેઈમે જણાવ્યું હતું કે, વીડિયો ફૂટેજ અને વિનાશની હદ દર્શાવે છે કે, આ વિસ્ફોટ ઈઝરાયેલના હવાઈ બોમ્બમારાથી થયો હતો. જૂથની સૈન્ય શાખાએ કહ્યું કે, તેણે ઈઝરાયેલ તરફ રોકેટનો બેરેજ છોડ્યો હતો અને તે આ વિસ્ફોટ થયાની થોડી મિનિટો પછી હતું. પરંતુ અલ-બ્રેઈમે કહ્યું કે, પોસ્ટ્સનો સમય હંમેશા લોન્ચનો સમય સૂચવતો નથી. તેણે સ્વીકાર્યું કે, ભૂતકાળમાં લશ્કરી પાંખના રોકેટથી પેલેસ્ટીનીઓના મૃત્યુ થયા હતા. અમે ભૂલો કરી છે, હું તેનો ઈન્કાર કરવાનો નથી, જો કે, આ અમારી ભૂલ નથી.

**ઈઝરાયેલની સેનાએ શું કહ્યું ? :-**

એરિયલ ફૂટેજ, વિસ્ફોટ પછી લીધેલા ફોટા અને રેકોર્ડિંગને ટાંકીને આ વિસ્ફોટ હમાસના સભ્યોનું હોવાનું કહેવાય છે. ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું હતું કે, વિસ્ફોટ એક રોકેટને કારણે થયો હતો જે પેલેસ્ટીની ઈસ્લામિક જેહાદ દ્વારા મિસ ફાયર કરવામાં આવ્યો હતો. ઈઝરાયલી સૈન્યના મુખ્ય પ્રવક્તા રીઅર એડમી ડેનિયલ હગારીએ જણાવ્યું હતું કે, પેલેસ્ટીની જૂથે સાંજે ૬:૫૯ વાગ્યે ૧૦ રોકેટ છોડ્યા હતા. વિસ્ફોટની રાત્રે અને તેમાંથી એક હોસ્પિટલની બહાર પાર્કિંગની જગ્યામાં અથડાયું હતું. તેણે એ વાતનો ઈન્કાર કર્યો હતો કે ઈઝરાયેલે તે સમયે હોસ્પિટલના વિસ્તારમાં કોઈ ફાયર કર્યું હતું. તેણે એક હવાઈ ઈમેજ પણ બતાવી જે લશ્કરી ડ્રોનથી લેવામાં આવી હતી અને કહ્યું કે, ઈઝરાયેલની મિસાઈલને કારણે ખાડો થયો હોવાના કોઈ પુરાવા નથી. હગારીએ એવા સૂચનોને ફગાવી દીધા હતા કે, ઈઝરાયેલી એર ડિફેન્સ ઈન્ટરસેપ્ટરને કારણે આ દુર્ઘટના થઈ હતી; તેમણે કહ્યું કે, ઈઝરાયેલ ગાઝાન એરસ્પેસમાં એર ડિફેન્સ મિસાઈલો છોડતું નથી.

**હમાસે શું કહ્યું ? :-**

એક નિવેદનમાં હમાસે કહ્યું છે કે, આ વિસ્ફોટ ભયાનક નરસંહાર અને નરસંહારનો ગુનો છે જે ઈઝરાયેલના હવાઈ હુમલાને કારણે થયો હતો. ગાઝાન આરોગ્ય મંત્રાલય અને ટાઈમ્સ દ્વારા ચકાસાયેલ વીડિયો ફૂટેજ અનુસાર, અહલી અરબ હોસ્પિટલ ઉપર રોકેટ ફાયર થયું હતું. એંગ્લિકન ચર્ચે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ વિસ્ફોટમાં ચાર સ્ટાફ સભ્યો ઘાયલ થયા હતા. ગાઝાન આરોગ્ય મંત્રાલયના ટોચના અધિકારી યુસુફ અબુ અલ-રિશે મંગળવારે રાત્રે એક ન્યૂઝ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, ઈઝરાયેલી સૈન્યએ હોસ્પિટલના ડિરેક્ટરને બોલાવ્યા હતા અને તેમને કહ્યું હતું કે, અગાઉનો વિસ્ફોટ ખાલી કરાવવાની ચેતવણી હતી. નૌમે જણાવ્યું હતું કે, ઈઝરાયેલી સૈન્યએ તાજેતરના દિવસોમાં ઓછામાં ઓછા ત્રણ વખત હોસ્પિટલના સંચાલકોને બોલાવ્યા હતા અને ટેક્સ્ટ મોકલ્યા હતા, તેના દર્દીઓ અને સ્ટાફને હોસ્પિટલ કમ્પાઉન્ડ છોડવા કહ્યું હતું. તેમણે કહ્યું કે, આ ચેતવણીઓ હોસ્પિટલ માટે હતી. ઈઝરાયેલી લશ્કરી પ્રવક્તા લેફ્ટનન્ટ કર્નલ એમ્નોન શેફલેરે જણાવ્યું હતું કે, ઈઝરાયેલના અપેક્ષિત આક્રમણ પહેલાં નાગરિકોને ઉત્તર ગાઝા છોડી દેવાની વિનંતી કરવા માટે હોસ્પિટલના કોલ્સ વ્યાપક અભિયાનનો એક ભાગ હતો. શેફલરે કહ્યું કે, હોસ્પિટલ એ સૈન્ય માટે લક્ષ્ય નથી.

# મહારાષ્ટ્ર સરકાર દ્વિધામાં છે : મરાઠા આરક્ષણ માટે નવું આંદોલન શરૂ થશે પણ સરકાર પાસે વિકલ્પો મર્યાદિત છે

## અનામત અંગે નિર્ણય લો, નહીંતર મુંબઈ જામ કરીશું : મરાઠા સંગઠનો

મુંબઈ, તા.૨૭

એકનાથ શિંદેની આગેવાની હેઠળની મહારાષ્ટ્ર સરકારે રવિવાર અને સોમવારે તમામ અગ્રણી મરાઠી અખબારોમાં નોટિસ જાહેરાતો સાથે મરાઠા સમુદાયને અનામત આપવા માટેની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. જાહેરાતોમાં સરકારે મરાઠાઓ માટે અત્યાર સુધી જે કંઈ કર્યું છે તે બધું પણ સૂચિબદ્ધ કર્યું છે. આ જાહેરાત મરાઠા ક્વોટાના નેતા મનોજ જરાંગે પાટીલ દ્વારા જારી કરવામાં આવેલી સરકાર માટે ‘ડેડલાઈન’ની પહેલા છે. તેઓ મરાઠાવાડાના મરાઠાઓ માટે કુણબી જાતિ પ્રમાણપત્રની માંગ કરી રહ્યા છે, જેના લીધે તેઓ અન્ય પછાત વર્ગો (ઓબીસી) શ્રેણી હેઠળ અનામત માટે પાત્ર બને છે. જરંગે-પાટીલે ૧૪ ઓક્ટોબરે જાલના જિલ્લામાં એક વિશાળ રેલીમાં જણાવ્યું હતું કે, ૨૪ ઓક્ટોબર પછી, કાં તો મારી અંતિમયાત્રા અથવા સમુદાયની જીતની ઉજવણી થશે. ગયા મહિને, જાલના જિલ્લામાં જરંગે-પાટીલની આગેવાની હેઠળની ભૂખ હડતાલને કારણે પોલીસ અને વિરોધીઓ વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. મુખ્યપ્રધાન એકનાથ શિંદેએ ખાતરી આપી હતી કે સરકાર મરાઠા ક્વોટા માટે “પ્રતિબદ્ધ” છે. પરંતુ તેની પાસે વિકલ્પો મર્યાદિત છે. કાયદાકીય મોરચે મહારાષ્ટ્ર સરકારે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો છે. કોર્ટ આ મહિને તેના ૨૦૨૧ના ચુકાદાને પડકારતી ક્યુરેટિવ પિટિશનની સુનાવણી કરવા સંમત થઈ હતી, જો કે, સુનાવણી માટે હજુ તારીખ નક્કી કરવામાં આવી નથી. તદુપરાંત, કુણબી મરાઠાઓને ઓબીસી આરક્ષણ આપવા માટે ગયા મહિને મુખ્ય પ્રધાન દ્વારા સ્થપાયેલી સમિતિએ તેનો અહેવાલ સબમિટ કરવા માટે વધુ બે મહિનાની વિનંતી કરી છે. રાજ્યના કેબિનેટ મંત્રી દીપક કેસરકરે જણાવ્યું હતું કે, આ ન્યાયિક મામલો છે અને આપણે ખૂબ જ કાળજીપૂર્વક આગળ વધવું પડશે. સરકારનો ઈરાદો એકદમ સ્પષ્ટ છે અને અમે પ્રતિબદ્ધ છીએ. પરંતુ તે કાયદાની અદાલતમાં છે માટે થોડો સમય લાગશે. ક્વોટાની માંગ માટેનું આંદોલન અને મરાઠાઓ માટે કુણબી ઓબીસી જાતિ પ્રમાણપત્રો પ્રદાન કરવાની જરંગે પાટીલની ચોક્કસ માગણીએ સરકારને ચિંતાની સ્થિતિમાં મૂકી દીધી છે, ખાસ કરીને ૨૦૨૪ની લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી રહી છે. OBC, જે રાજ્યની વસ્તીના ૫૨ ટકા છે અને મુખ્ય વોટ બેંક છે, તે મરાઠાઓ માટે આ શ્રેણી હેઠળ આરક્ષણની વિરુદ્ધ છે. બીજી બાજુ, મરાઠાઓ રાજ્યની લગભગ ૩૩ ટકા વસ્તી ધરાવે છે, અને તેમના હિતોની અવગણનાના કોઈપણ પગલાની ભારે રાજકીય કિંમત ચૂકવવી પડી શકે છે. મહારાષ્ટ્ર સરકાર પાસે હાલમાં થોભો અને રાહ જુઓનો અભિગમ અપનાવવા સિવાય કોઈ વિકલ્પ નથી. પરંતુ ૨૪ ઓક્ટોબરના રોજ તેમની દશેરા રેલીના સંબોધન દરમિયાન તમામની નજર એકનાથ શિંદે પર રહેશે કે તેઓ તે જ ખાતરી આપે છે કે નહીં, અથવા નવો વિકલ્પ સૂચવે છે. નોંધનીય રીતે, આ અઠવાડિયેની સરકારી જાહેરાતોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે મહારાષ્ટ્રમાં મરાઠા સમુદાય પહેલાથી જ કેન્દ્ર સરકાર દ્વારા પ્રદાન કરવામાં આવેલ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટે ૧૦ ટકા અનામતનો લાભ લઈ રહ્યો છે. સરકારમાં શિવસેનાના એક વરિષ્ઠ નેતાએ સૂચવ્યું કે આ સંદર્ભ વ્યૂહાત્મક છે. ઓબીસી સમુદાયમાં પહેલેથી જ ઘણી બધી જ્ઞાતિઓ છે. જામરાઠાઓને EWS શ્રેણીમાં ઉમેરવામાં આવે છે, તો સરકાર માટે વધુ ફાયદાકારક રહેશે. ઓબીસી સમુદાય ૧૯૮૦ના દાયકાથી ભાજપ માટે મહત્વપૂર્ણ રહ્યો છે. નામ ન આપવાની શરતે ભાજપના એક વરિષ્ઠ નેતાએ કહ્યું કે આ મુદ્દાઓ ઝડપથી ઉકેલી શકાય નહીં. તેમણે કહ્યું કે, તમે કેવી રીતે અપેક્ષા કરો છો કે OBC અથવા અન્ય કોઈ સમુદાય તમને તેમના ક્વોટામાં પ્રવેશવા દેશે ? આ કાયદાનો પ્રશ્ન છે અને મામલો ન્યાયાધીન છે. રાજકીયવિશ્લેષક પ્રતાપ આસ્બેએ જણાવ્યું હતું કે આ ક્ષણે સરકારના હાથ મોટાભાગે બંધાયેલા છે. સરકારે અનામત મર્યાદામાં સુધારા માટે કેન્દ્ર પાસે લઈ જવું પડશે. પરંતુ જો તેમ થાય તો રાજસ્થાન, ગુજરાત જેવા અન્ય રાજ્યો પણ કેન્દ્ર સમક્ષ આવી જ માંગણીઓ ઉઠાવી શકે છે. તેથી આ વિકલ્પ અત્યારે કેન્દ્રને પોસાય તેમ નથી. જાતિના આધારે મતોના સંભવિત ધ્રુવીકરણને કારણે આ પરિસ્થિતિ આખરે ભાજપને રાજકીય રીતે ફાયદો આપી શકે છે. નિઝામ યુગમાં, મરાઠાવાડા પ્રદેશમાં મરાઠાઓને કુણબી ગણવામાં આવતા હતા અને તેઓ ઓબીસી શ્રેણીમાં હતા. જો કે, જ્યારે આ પ્રદેશ મહારાષ્ટ્રમાં જોડાયો ત્યારે તેઓએ આ દરજ્જો ગુમાવ્યો હતો. હવે, મનોજ જરાંગે-પાટીજ જેવા ક્વોટા કાર્યકર્તાઓ માંગ કરી રહ્યા છે કે મરાઠાઓને ફરીથી કુણબી તરીકે વર્ગીકૃત કરવામાં આવે, તેમને OBC આરક્ષણ માટે પાત્ર ગણવામાં આવે. મુખ્યમંત્રી શિંદેએ જાહેરાત કરી કે કેબિનેટે મરાઠાવાડાના મરાઠાઓને કુણબી જાતિ પ્રમાણપત્ર આપવાનો નિર્ણય લીધો છે. તેમણે ઉમેર્યું હતું કે પાત્ર બનવા માટે, લોકોએ નિઝામ યુગના ઐતિહાસિક આવક અથવા શિક્ષણ દસ્તાવેજો પ્રદાન કરવા જોઈએ જે તેમને કુણબી તરીકે ઓળખાવે છે. તેમણે એવી પણ જાહેરાત કરી હતી કે પાંચ સભ્યોની પેનલ આ માટેની પ્રક્રિયા સ્થાપિત કરશે અને તે એક મહિનામાં તેનો રિપોર્ટ આપશે. જો કે, પેનલે અહેવાલમાં બે વધારાના મહિના માંગ્યા છે અને જરંગે-પાટીલે સ્પષ્ટ કર્યું છે કે તેઓ વધુ રાહ જોવા માટે તૈયાર નથી. તેમણે કહ્યું છે કે, જ્યાં સુધી મરાઠા સમુદાયનો મુદ્દો ઉકેલાય નહીં ત્યાં સુધી અમારા ગામડાઓમાં કોઈ રાજકીય નેતાને આવવા દેવામાં આવશે નહીં. અમારા ગામડામાં આવવું હોય તો રિઝર્વેશન લઈને આવજો. પાટીલે આ મહિને સમગ્ર રાજ્યમાં રેલીઓ પણ કાઢી હતી અને તેમણે ૧૩ જિલ્લાઓનો પ્રવાસ કર્યો છે અને ઓછામાં ઓછી ૭૫ સભાઓને સંબોધિત કરી છે.

## ફ્રોઝન ફૂડ ખાવાથી અનેક જીવલેણ બીમારીઓ થઈ શકે છે

લાંબા સમય સુધી અથવા વધુ માત્રામાં ફ્રોઝન ખોરાક લેવાથી ઘણા ખતરનાક રોગો થઈ શકે છે. આજકાલ લોકોની વ્યસ્ત લાઈફને કારણે ફ્રોઝન અને પેકેજ્ડ ફૂડનું ચલણ વધ્યું છે. પરંતુ તેમાં ટ્રાન્સ ચરબી અને વધુ સોડિયમ હોય છે. જે આપણા સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. સંશોધનમાં જાણવા મળ્યું છે કે લાંબા સમય સુધી ફ્રોઝન ખોરાક ખાવાથી કેન્સરનું જોખમ વધી જાય છે. દરરોજ ફ્રોઝન મીટ ખાવાથી પેટના કેન્સર એટલે કે સ્વાદુપિંડનું કેન્સર થવાનું જોખમ વધી જાય છે. જ્યારે આપણે ફ્રોઝન ફૂડ ખાઈએ છીએ ત્યારે આ સ્ટાર્ચ શરીરમાં ગ્લુકોઝમાં રૂપાંતરિત થાય છે.આ ગ્લુકોઝની વધુ પડતી બ્લડ સુગર લેવલ વધે છે. ફ્રોઝન ફૂડમાં કેલરી અને ચરબી વધારે હોય છે. તેનું સેવન કરવાથી વજન વધવાની સમસ્યા થઈ શકે છે. ફ્રોઝન ફૂડ ખાધા પછી, શરીરને ઝડપથી ભૂખ લાગે છે જેના કારણે વધારાની કેલરીનો વપરાશ થાય છે. તે સ્થૂળતા અને ઝડપી વજનનું કારણ બની શકે છે. ફ્રોઝન ફૂડનું સેવન મર્યાદિત માત્રામાં જ કરવું જોઈએ. ફ્રોઝન ફૂડમાં ટ્રાન્સ ફેટનું પ્રમાણ વધુ હોય છે જે કોલેસ્ટ્રોલનું સ્તર વધારે છે. ટ્રાન્સ ફેટનું સેવન કરવાથી શરીરમાં ખરાબ કોલેસ્ટ્રોલ વધે છે અને સારા કોલેસ્ટ્રોલની માત્રા ઓછી થાય છે.

# ૨૦૨૪ની લોકસભા ચૂંટણી : ઉત્તરપ્રદેશ અને ગુજરાતમાં ઈન્ડિયા ગઠબંધનની યોગ્ય વ્યૂહરચનાના અભાવે ભાજપને ૧૦૦ સીટનો ચોખ્ખો લાભ થઈ શકે છે

નવી દિલ્હી તા.૨૭


૨૦૨૪માં રાજ્યોમાં વ્યૂહાત્મક બેઠકોની વહેંચણી સાથે INDIA એલાયન્સ નરેન્દ્ર મોદીના વિજય રથને રોકવાની યોજના ધરાવે છે. પરંતુ ભાજપને બે મુખ્ય રાજ્યો ઉત્તર પ્રદેશ અને ગુજરાતમાં રોકવાની તેમની કોઈ યોજના જણાતી નથી, જે શાસક પક્ષને ૧૦૦ બેઠકોની લીડ આપી શકે છે. ઉત્તર પ્રદેશમાં લોકસભામાં સૌથી વધુ ૮૦ સાંસદો છે અને ગુજરાતના ૨૬ સાંસદો છે. આ અઠવાડિયાની શરૂઆતમાં, સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવે નિવેદન આપ્યું કે તેઓ યુપીની તમામ ૮૦ બેઠકો ઉપર ભાજપને ટક્કર આપવાની વ્યૂહરચના ધરાવે છે. અખિલેશ યાદવે સ્પષ્ટ કર્યું કે ૨૦૨૪માં કોંગ્રેસ સાથે યુપીમાં કરાર થઈ શકે તેમ નથી કારણ કે કોંગ્રેસે મધ્ય પ્રદેશમાં એસપીને એક પણ બેઠક આપી નથી. ૨૦૧૮ માં સપાએ જીતેલી એક બેઠક ઉપર પણ કોંગ્રેસે ઉમેદવાર ઊભા રાખ્યા છે. યાદવના આ નિવેદનો દેખીતી રીતે આગામી એમપી ચૂંટણીમાં સપાને સન્માનજનક રીતે સમાવવાનો કોંગ્રેસ દ્વારા ઈનકાર કરવાના જવાબમાં આવ્યા છે. BSP પહેલેથી જ ઈન્ડિયા ગઠબંધનમાંથી બહાર છે, એસપી-કોંગ્રેસના બ્રેકઅપનો અર્થ એ થઈ શકે છે કે યુપીમાં ભાજપ માટે માર્ગ મોકળો થઈ જશે. મોદીના ગૃહ રાજ્ય ગુજરાતમાં, ભાજપે ૨૦૧૯ અને ૨૦૧૪ બંનેની ચૂંટણીમાં તમામ ૨૬ બેઠકો ઉપર કબજો જમાવ્યો છે અને કોંગ્રેસ ત્યાં નબળી સ્થિતિમાં છે. ગયા વર્ષે રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી પહેલા ભાજપે વિજય રૂપાણીને અને હકીકતમાં સમગ્ર રાજ્ય કેબિનેટને હટાવ્યા હોવા છતાં અને રાજ્યની ચૂંટણીમાં ૧૫૬ સીટો જીતી હતી. AAP એ ૨૦૨૨ ની વિધાનસભા ચૂંટણીમાં ગુજરાતમાં પાંચ બેઠકો અને ૧૩ ટકા વોટ શેર જીતીને એન્ટ્રી કરી હતી પરંતુ કોંગ્રેસ માત્ર ૨૭ ટકા વોટ શેર મેળવી શકી હતી. આથી ભાજપ ૨૬ બેઠકોની હેટ્રિક પૂર્ણ કરવા માટેની સ્થિતિમાં હોય તેવું લાગી રહ્યું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વારંવાર કહ્યું છે કે ૨૦૧૪ અને ૨૦૧૯ માં તેમની પૂર્ણ બહુમતીવાળી સરકારો ઉત્તર પ્રદેશને આભારી છે. ભાજપ ગઠબંધનને ૨૦૧૪ માં રાજ્યમાં ૮૦ માંથી ૭૩ બેઠકો અને ૨૦૧૯માં ૬૪ બેઠકો મળી હતી. ૨૦૧૯ માં આ ઘટાડો SPBSP-RLD ગઠબંધનને કારણે થયો હતો, જેના હેઠળ BSP એ દસ બેઠકો જીતી હતી અને SP એ પાંચ બેઠકો જીતી હતી. પરંતુ આ વિપક્ષી ગઠબંધન તૂટી ગયું છે અને બસપા એમાંથી બહાર નીકળી ગઈ છે અને આરએલડી સપાના એકમાત્ર ભાગીદાર તરીકે છે. કોંગ્રેસે ૨૦૧૯ માં માત્ર એક સીટ રાયબરેલીમાં જીતી હતી અને રાહુલ ગાંધીની અમેઠીની સીટ ગુમાવી હતી. ૨૦૨૨ માં યુપીમાં અનુગામી વિધાનસભાની ચૂંટણીઓમાં, SP-RLD ગઠબંધન હોવા છતાં અને BSP ને તોડી પાડવા છતાં ભાજપે ફરીથી જીત મેળવી હતી. યુપીમાં બીજેપીને રોકવાની સુસંગત વ્યૂહરચના ઈન્ડિયા ગઠબંધન પાસે છે. ગયા મહિને ઘોસી વિધાનસભા બેઠક પર પેટાચૂંટણી જીત્યા પછી અખિલેશ યાદવ ઉત્સાહિત છે પરંતુ ગયા વર્ષે આઝમગઢ અને રામપુરની તેની ગઢ લોકસભા બેઠકો ઉપર એસપીને પેટાચૂંટણીની શરમજનક હારનો સામનો કરવો પડ્યો હતો. હકીકતમાં રાજ્યના એક ટોચના ભાજપના નેતાએ તાજેતરમાં દાવો કર્યો હતો કે ભાજપ ૨૦૨૪ માં સારી સ્થિતિમાં છે અને યુપીમાં તેણે ૨૦૧૪ માં જીતેલી ૮૦ માંથી ૭૩ બેઠકોનો રેકોર્ડ પણ તોડશે. હાલમાં યુપીમાં જે બેઠકો જીતવી ભાજપ માટે મુશ્કેલ છે તે મૈનપુરી અને રાયબરેલી છે. ભાજપ રાજ્યમાં અન્ય દરેક બેઠક જીતી શકે છે. ઉત્તર પ્રદેશમાં ભાજપ માટે નરેન્દ્ર મોદી સિવાય યોગી આદિત્યનાથની વધારાની લોકપ્રિયતા પણ છે. SPના આંતરિક સૂત્રો યુપીમાં કોંગ્રેસ સાથે ગઠબંધનની ઘટનામાં વળતરની સંભાવનાઓ વિશે શંકાશીલ છે. કોંગ્રેસ પછી રાજ્યની ૪૦૦ બેઠકોમાંથી ૧૦૦ થી વધુ બેઠકો લડી અને તેમાંથી માત્ર અડધો ડઝન જ જીતી શકી હતી. ટૂંકમાં, ભાજપ માને છે કે ૨૦૨૪માં ૨૭૨ બેઠકોના બહુમતી માટે તેની પાસે ૧૦૦ લોકસભા બેઠકો સ્પષ્ટ મળી શકે તેમ છે.

# ભ્રષ્ટાચાર : બ્લેકલિસ્ટ કરાઈ હોવા છતાં કંપનીને પાલનપુરમાં બ્રિજ બનાવવાની કામગીરી કેમ સોંપવામાં આવી ? : તપાસનો મુદ્દો

અમદાવાદ,તા.૨૭

બનાસકાંઠાના પાલનપુરમાં બ્રિજનો સ્લેબ ધરાશાયી મામલે સરકારના આદેશ બાદ તપાસનો ધમધમાટ શરૂ થયો છે. જી.પી.સી. ઈન્ફ્રા કંપની બ્રિજ બનાવી રહી હતી જેની સામે ફરિયાદ નોંધાઈ છે. હાલ અધિકારીઓ સ્લેબ ધરાશાઈ થવાના મામલે તપાસ કરી રહ્યા છે. પાલનપુરમાં બ્રિજનો સ્લેબ ધરાશાયી મુદ્દે દિયોદર ડી.વાય.એસ.પી. ગોહિલનો તપાસ સોંપાઈ છે. જેમાં જીપીસી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ૭ ડાયરેક્ટર સામે ફરિયાદ કરવામાં આવી છે. કંપનીના ૭ ડિરેક્ટરો અને ૪ એન્જિનિયર સામે ફરિયાદ થઈ છે. પોલીસે ૧૧ લોકો સામે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. સાપરાધ મનુષ્યવધની કલમ સાથે ફરિયાદ થઈ છે. કલમ ૩૦૪ અને કલમ ૧૧૪ હેઠળ ગુનો નોંધાયો છે. તાજેતરમાં બનાસકાંઠાનાપાલનપુરમાં સર્કલ ઉપર નિર્માણાધીન બ્રિજનો સ્લેબ ધરાશાયી થયો હતો જેમાં પાલનપુરના બે યુવકના સ્લેબ નીચે દટાઈ જતા મૃત્યુ થયા હતા. મોડી રાત્રી સુધી તંત્રએ કાટમાળ હટાવવાની કામગીરી કરી હતી અને વહેલી સવારે અધિકારીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા. હાલ અધિકારીઓ સ્લેબ ધરાશાયી થવાના મામલે તપાસ કરી રહ્યા છે અને તપાસ બાદ સમગ્ર રિપોર્ટ તૈયાર કરવામાં આવશે.

જી.પી.સી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની આ બ્રિજ બનાવી રહી હતી. પાલનપુર પૂર્વ પોલીસ સ્ટેશનમાંકંપની સામે જાણવાજોગ ફરિયાદ નોંધાઈ છે. અત્રે ઉલ્લેખનિય છે કે આ જી.પી.સી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અગાઉ પણ વિવાદમાં આવી ચૂકી છે. વર્ષ ૨૦૧૭માં નકલી બિલ રજૂ કરવા મુદ્દે અમદાવાદના વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં કંપની વિરૂદ્ધ નોંધાઈ હતી. જે બાદ અમદાવાદ મહાનગરપાલિકાએ કંપનીને બ્લેકલિસ્ટ કરી હતી. હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે બ્લેકલિસ્ટ હોવા છતાં આ કંપનીનો પાલનપુરમાં બ્રિજનો કોન્ટ્રાક્ટ કેમ અપાયો ? બનાસકાંઠાના પાલનપુરમાં થયેલ બ્રિજ દુર્ઘટના મામલે પાલનપુરના ધારાસભ્ય અનિકેત ઠાકરનુનિવેદન સામે આવ્યું છે, તેઓએ કહ્યું કે આ ખૂબ જ દુઃખદ ઘટના બની છે. વધુમાં કામગીરીને લઈ તપાસ કરવામાં આવશે. તેવો દાવો કર્યો હતો સાથે જ જો કોઈ દોષિત હશે તેની સામે કાર્યવાહીની રજૂઆત કરાશે તેમ પણ કહ્યું હતું તથા કામગીરી નબળી હોય તેવુ દેખાયું છે તેમ પણ સ્વીકાર્યું છે. જો કે બ્રિજ બનાવનાર જી.પી.સી. ઈન્ફ્રાના ડાયરેક્ટર જી.પી.ચૌધરીનું નિવેદન પણ સામે આવ્યું છે. તેમણે કહ્યું હતું કે, ‘જે ઘટના બની તેનાથી ખુબ દુઃખી છું, આ ઘટના ગડર ચડાવ્યા બાદ કામગીરી ચાલુ હતી ત્યારે બનીહતી. હાલ સરકાર આ ઘટનામાં તપાસ કરી રહી છે અમે સહકાર આપીશું પણ અમારા



દ્વારા કામમાં કોઈ ખામી રખાઈ નથી. અમે તમામ પ્રકારની ગુણવત્તા જાળવીને ડિઝાઈન મુજબ કામગીરી કરી છે’, નોંધનીય છે કે રૂપિયા ૧૨૫ કરોડના ખર્ચે આ બ્રિજ બની રહ્યો હતો અને છેલ્લા દોઢ વર્ષથી કામગીરી ચાલતી હતી. પાલનપુરમાં આરટીઓ સર્કલ પાસે ઓવરબ્રિજ બનાવવાની કામગીરી જી.પી. ચૌધરી કન્સ્ટ્રક્શન કંપનીનેકન્સન્ટ્રક્શન સામે હાલ પાલનપુર પૂર્વ પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ ફરિયાદ નોંધવામાં આવી છે. અત્રે ઉલ્લેખનિય છે કે, દોઢ વર્ષથી આ બ્રિજનું કામ ચાલી રહ્યું હતું. સોમવારે બપોરે એકાએક બ્રિજના સ્લેબ તૂટી પડતા તેની નીચે ટ્રેક્ટર અને રીક્ષા દબાઈ ગયા હતા. જેમાં ૨ યુવકોના મોત થઈ ગયા. બ્રિજનો સ્લેબ પડ્યો ત્યાં નજીકમાંથી જ રેલવે લાઈન પસાર થાય છે. ઘટના બાદ અમદાવાદ રેલવે મંડળના અધિકારીઓ પણ સ્થળ ઉપર પહોંચ્યા હતા અને તેમણે દુર્ઘટના નજીકથી પસાર થતા રેલવે ટ્રેક ઉપર ટ્રેનોની સ્પીડ ઘટાડવા આદેશ કર્યો હતો સોંપવામાં આવી હતી.

### શ્રી સોરઠીય શ્રી ગૌડ માળવીય બ્રહ્મ સેવા સમિતિ જૂનાગઢ દ્વારા

# ભૂતનાથ મહાદેવ મંદિર ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ નવરાત્રી રાસોત્સવ સફળતા પુર્વક સંપન્ન

**સમાપનના દિવસે ખેલૈયાઓમાં શ્રેષ્ઠ પર્ફોમન્સ કરનાર કિંગ અને કવીનના નામો કરાયા જાહેર**




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૭

શ્રી સોરઠીય શ્રી ગૌડ માળવીય બ્રહ્મ સેવા સમિતિ જૂનાગઢ દ્વારા છેલ્લા સાત વર્ષની ભવ્ય સફળતા બાદ નવદુર્ગાની અસીમ કૃપાથી આ વર્ષે પણ યુવાનોના થનગનાટ તથા આપણી દિકરી આપણે ત્યાંના સકારાત્મક હેતુ સાથે નવલા નોરતાની ઉત્સાહભેર ઉજવણી તા. ૧૫ ઓકટોબરથી ૨૪ ઓકટોબર દરમ્યાન ભૂતનાથ મહાદેવ મંદિર ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવી હતી. દરમ્યાન રાસોત્સવના સમાપનના દિવસે નવ-નવ દિવસ સુધી નિયમોના પાલન સાથે આ રાસોત્સવમાં ખેલૈયાઓએ રમઝટ બોલાવી હતી. તે ખેલૈયાઓમાંથી સર્વશ્રેષ્ઠ રાસોત્સવનું દર્શન કરાવનાર ખેલૈયાઓને કિંગ અને કવીન તરીકે જાહેર કરવા માટેનો કાર્યક્રમ યોજાયો હતો. નિષ્ણાંત નિર્ણાયકોની ઉપસ્થિતી અને ભુતનાથ મહાદેવ મંદિર ગ્રાઉન્ડના પટાંગણમાં ઉપસ્થિત દર્શકોની હાજરીમાં છેલ્લા રાઉન્ડના અંતે કિંગ અને કવીનના નામો જાહેર કરવામાં આવેલ હતા. આ રાસોત્સવમાં સૌથી સારૂં પર્ફોમન્સ કરનાર પ્રણવ ભટ્ટને કિંગ તરીકે જાહેર કરવામાં આવેલ. જયારે કવીન તરીકે હેતા પુરોહીતનું નામ જાહેર કરવામાં આવેલ હતું. આ વિજેતા ઘોષીત થયેલા ખેલૈયાઓને ઈનામોથી નવાજવામાં આવ્યા હતા.

આ ભવ્ય આયોજને સફળ બનાવવા માટે સમિતિના પથદર્શક મહેન્દ્રભાઈ ભટ્ટ, સનથભાઈ પંડયા, ધીરૂભાઈ પુરોહિત, શૈલેષભાઈ દવે તેમજ પ્રમુખ આકાશ દવે, મહામંત્રી કેતન ભટ્ટ, ઉપપ્રમુખ વિરાજ પંડયા, ખજાનચી હિતેષ પુરોહિત, મંત્રી પીયુષ પુરોહિત, સહ ખજાનથી જીગ્નેશ ભટ્ટ તેમજ રાજુભાઈ દવે, ભાર્ગવ દવે, ભાવેશ પુરોહિત, યોગેશ પુરોહિત, નિરવ પુરોહિત, નિનાદ પંડયા, હાર્દિક પુરોહિત, હેરત પુરોહિત, દર્શિત દવે, હારીત પુરોહિત, દેવમ પંડયા, હેમાંગ દવે, જય ભટ્ટ, પાર્થ ભટ્ટ, ધાર્મિક ભટ્ટ, ચિંતન પુરોહિત, સ્મિત દવે, કશ્યપ દવે, કરણ પંડયા, પ્રીયાશું પુરોહિત, ભાર્ગવ પંડયા, કેયુર પુરોહિત તેમજ રાજુભાઈ પુરોહિત, શુભેચ્છક અજીતભાઈ પંડયા, ભાવિકભાઈ પંડયા તેમજ સીતાબેન દવે તથા જાગૃતિબેન પુરોહીત વગેરે દ્વારા રાસોત્સવને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. આ ઉપરાંત સુર મંદિર ઓરક્રેસ્ટ્રાના અને જયેશ ભટ્ટના સુરીલા કંઠના સથવારે રાસોત્સવમાં ખેલૈયાઓ મન મુકીને ઝુમી ઉઠયા હતા. માતાજીના ગરબા, દુહા, છંદ, રાસની રમઝટના પગલે ઉપસ્થિત દર્શકો વાહ..વાહ.. પોકારી ઉઠયા હતા.

# જૂનાગઢની સુપ્રસિધ્ધ પ્રાચીન શ્રી ગાયત્રી ગરબી મંડળની બાળાઓને ઈનામ વિતરણ કરાયું




જૂનાગઢ તા.૨૭

જૂનાગઢ શહેરમાં નીચી બારીનો ડેલો, પટેલ રસના ચિચોડાની સામે, શ્રી ગાયત્રી ગરબી મંડળ દ્વારા નવરાત્રી મહોત્સવની ભાવભેર અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. શહેરની પ્રાચીન ગરબીઓ પૈકીની શ્રી ગાયત્રી ગરબી મંડળ છેલ્લા ૩૦ વર્ષથી નાની બાળાઓના રાસ -ગરબાનો કાર્યક્રમ યોજવામાં આવે છે. અને સફળ રીતે આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ નવરાત્રી ઉત્સવની શ્રી ગાયત્રી ગરબી મંડળ દ્વારા ભાવપુર્ણ ઉજવણી કરવામાં આવી હતી અને માતાજીની આરાધના કરવામાં આવી હતી. સર્વ શ્રી વિજયસિંહ અરવિંદસિંહ ચુડાસમા, કુશલભાઈ પારેખ, અલ્કેશભાઈ કોટડીયા, રાજેશ વિનુકાંત તન્ના (મુન્નાભાઈ), ધવલ નિરંજનભાઈ દિવાન, જય ભુપેન્દ્રભાઈ તન્ના (ખિલન) દ્વારા આ નવરાત્રી મહોત્સવને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. દરમ્યાન શ્રી ગાયત્રી ગરબી મંડળની બાળાઓને ઈનામ વિતરણનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. અગ્રણી અને વણીક સોશ્યલ ગ્રુપના પ્રમુખ કુશાલભાઈ પારેખના હસ્તે પ્રાચીન ગરબી મંડળની આ બાળાઓને લ્હાણી અને ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# શ્રી ક્રિષ્ના બોર્ડીંગ સ્કુલ જૂનાગઢ ખાતે મા દુર્ગાનો હવનનો કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ તા. ૨૭ બાય પ્રયાગ વિદ્યા સંકુલ ક્રિષ્ના બોર્ડીંગ સ્કુલ મેનેજડ ખામધ્રોળ રોડ, જૂનાગઢ દ્વારા તા.૨૫-૧૦-૨૩ ને બુધવારના રોજ વિદ્યાર્થીઓમાં ગુરૂકુલ પરંપરા અને ભારતીય વૈદિક સનાતન સંસ્કૃતિથી માહિતગાર થાય તે હેતુથી શાળાના મેદાનમાં આવેલ યજ્ઞ કુટીરમાં વિધ્વાન ભુદેવોમાં મુખ્ય આચાર્ય કેતનભાઈ મહેતા અને તેમના સહયોગી ભુદેવો કલ્પેશભાઈ જોષી, રાજુભાઈ જાની, ઉપેન્દ્રભાઈ પુરોહીત અને નમનભાઈ જોષી દ્વારા ભારતીય સંસ્કૃતિ અને ગુરૂકુલ પરંપરા મુજબ જગત જનની માં અંબા/ માં દુર્ગાનો હવન અને ગણેશ તેમજ વિદ્યાની દેવી સરસ્વતી પૂજનનો કાર્યક્રમ રાખેલ હતો. યજ્ઞમાં ૧૧,૦૦૦ વૈદિક મંત્રો (આહુતિ)થી વાતાવરણને શુધ્ધ અને પવિત્રથી વિદ્યાર્થીઓમાં નવી ચેતના પ્રાપ્ત થયેલ હતી. હવનમાં મુખ્ય યજમાન તરીકે શાળાના ટ્રસ્ટીઓ જે.વી. બુટાણી, હરેશભાઈ શ્રી પરસાણા, શ્રી અજુડીયા તથા શ્રી વઘાસીયા, જોડાયેલા હતા. શાળાના તમામ સ્ટાફ અને વિદ્યાર્થીઓને હવનના કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વૈદિક મંત્રોનું ઉચ્ચારણ કરવામાં આવેલ હતું. શાળાના તમામ કર્મચારીઓ દ્વારા કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું.

# ગીરગઢડા જીલ્લા મથકે જવા આવવા માટે લોકલ બસ શરૂ કરાઈ



(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨૭

ગીર ગઢડા ના ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા જિલ્લા મથકે લોકોને જવા આવવા લોકલ એસ.ટી.બસ શરૂ કરવા લેખિત માગણી કરવામાં આવી હતી જેની અમરેલી એસ.ટી. ડિવિઝન ના વિભાગીય નિયામક અને ઊના એસ.ટી. ડેપોના મેનેજર રાઠોડ ધ્યાને લઈને ઊનાથી બપોરે ૨:૩૦કલાકે ઊના વેરાવળ વાયા ગીર ગઢડા રૂટ પર બસ લોકલ શરૂ કરવામાં આવતા ગઈકાલે બપોરે ૩, ૦૦ કલાકે બસ ગીરગઢડા બસ સ્ટેશને પહોંચતા ગીરગઢડાના ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મુકેશભાઈ ગાંધી, ઉપ પ્રમુખ અનિલભાઈ વિઠલાણી, ભાવેશભાઈ હીરપરા, જયેશભાઈ ભુપતાણી વગેરે આગેવાનોએ બસનું ફૂલ હાર પહેરાવી ચાલક અને કન્ડકટરનું સ્વાગત કરી મોઢા મીઠા કરાવેલ હતા. આ બસ વેરાવળ સાંજે પાચ વાગે પહોંચી અને પાછી ઊના આવવા વેરાવળ થી સાંજે ૫:૧૫ ઉપાડી ૭ કલાકે ગીરગઢડા અને ૭:૩૦કલાકે ઊના પહોંચશે આ લોકલ એસ.ટી. બસ શરૂ થતાં ગીરગઢડા તાલુકાની જનતાને જિલ્લા મથકે જવા આવવા અનુકૂળતા રહેશે.

### અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ દ્વારા

# અડાલજમાં દાદા ભગવાન ત્રિમંદિર ખાતે મુખ્યમંત્રી અને ઉર્જામંત્રીનો ૠણ સ્વીકાર અને અભિવાદન કાર્યક્રમનું આયોજન

**આ પ્રસંગે દસ હજાર જેટલા કર્મચારીઓ તથા અધિકારીઓ ઉપસ્થિત રહેશે**

રાજકોટ તા. ૨૭

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા રાજ્યની પ્રજાની સુખાકારી અને જાનહિતમાં લેવામાં આવેલ અડગ નિર્ણયો અહીં ઊર્જાક્ષેત્રના કર્મચારીઓ અને અધિકારીઓના હિતમાં લેવામાં આવેલ નીતિ વિષયક અને મોક સંવેદનશી નિર્ણયોથી પ્રેરિત થઈને ગુજરાત રાજયના ઊર્જા વિભાગની સાતેય કંપનીમાં માન્યતા ધરાવતા અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ જેના કુલ ૩૫૦૦૦ થી વધુ સભ્યો તથા જીઈબી એન્જીનીયર એશોશીએશન જેના કુલ ૬૦૦૦ સભ્યો બંને યુનિયન/ એસોશિએશન દ્વારા બનાવેલ ગુજરાત ઊર્જા સંયુક્ત સંકલન સમિતિ તરફથી ઊર્જા વિભાગના કર્મચારીઓ /અધિકારીઓના લાભો હક્કો અને હિતો જેવા કે સાતમાં પગારપંચ મુજબ બેઝિકમાં સુધારો કરી તેની અમલવારીથી એરિયર્સ, સાતમાં પગારપંચના બાકી રહેલ એલાઉન્સનું એરિયર્સ, વિદ્યુત સહાયક કેડરનો સમયગાળો પાંચ વર્ષથી ઘટાડી ત્રણ/બે વર્ષ ઈન્ટર કંપની મ્યુચ્યુઅલ અને રિકવેસ્ટ ટ્રાફર પોલિસીથી વાનમાં બદલીનો લાભ, કંપનીમાં ફરજ બજાવતા કર્મચારીઓ/ અધિકારીશ્રીઓ તથા તેમના આશ્રિત માટે મેડિકલ પોલિસીમાં સુધારો અને જેટકોમાં કામના ભારણ મુજબ સ્ટાફ સેટઅપ મંજૂર કરી નવી જગ્યાઓનું સર્જન કરી નવી ભરતી જેવા અનેક કર્મચારી અને અધિકારીના હિતોમાં નિર્ણય લેવામાં આવેલ હોય ત્યારે ઊર્જા વિભાગના સૌથી મોટા યુનિયન અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ અને જીઈબી એન્જીનીયર એશોશીએશનની પણ સરકારશ્રીની અભિવાદન અને ૠણ ચૂકવાની નૈતિક ફરજ બનતી હોય બંને યુનિયન / એસોશિએશન દ્વારા સંકલન સમિતિના અધ્યક્ષ ગોરધનભાઈ ઝડફિયા અને બંને યુનિયન/ એસોસિએશનના પ્રમુખશ્રીઓની હાજરીમાં ગુજરાતનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નાણાં અને ઊર્જામંત્રી કનુભાઈ દેસાઈનો આશરે દસ હજાર જેટલા કર્મચારીઓ/ અધિકારીશ્રીઓની હાજરીમાં તા.૨૮.૧૦,૨૩ના શનિવારના રોજ અડાલજ ખાતે આવેલ દાદા ભગવાન, ત્રિમંદિર ખાતે ૠણ સ્વીકાર અને અભિવાદન કાર્યક્રમનું સંકલન સમિતિ દ્વારા આયોજન કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે ગત તા. ૩.૧૦.૨૩ ના રોજ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા નાણાં અને ઊર્જામંત્રી કનુભાઈ દેસાઈને સંકલન સમતિના અધ્યક્ષ ગોરધનભાઈ ઝડફિયા તથા એજીવીકેએસના કાર્યકારી પ્રમુખ મનુભાઈ પટેલ તથા સિનિયર સેક્રેટરી જનરલ બળદેવભાઈ પટેલ, સેક્રેટરી જનરલ બી.એમ શાહ તથા બંને યુનિયન/ એસોસીએશનના હોદ્દેદારો દ્વારા મુખ્યમંત્રી તથા ઊર્જામંત્રીને આમંત્રણ આપવામાં આવેલ જેનો તેઓ દ્વારા રાહર્ષ સ્વીકાર કરેલ અને સદર કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ભૂપેન્દ્રભાઈ પટેલ, મુખ્યમંત્રી-ગુજરાત, ઉદઘાટક તરીકે કનુભાઈ દેસાઈ, માનનીય મંત્રી નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ-ગુજરાત અને અતિથિ વિશેષ તરીકે વાસણભાઈ આહીર, સીનીયર કાર્યકારી પ્રમુખ-એજીવીકેએસ, મમતા વર્મા (આઈ.એ.એસ.), પ્રિન્સિપાલ સેકેટરી-ઊર્જા ઈ પેટ્રોકેમિકલ્સ વિભાગ, જયપ્રકાશ શિવહરે (આઈ.એ.એસ.), મેનેજિંગ ડિરેકટર-જીયુવીએનએલ, કેતનભાઈ ઈનામદાર, કાર્યકારી પ્રમુખ- એજીવીકેએરા અને મનુભાઈ પટેલ, કાર્યકારી પ્રમુખ-એવીકેએરા તેમજ ગોરધનભાઈ ઝડફિયા, અધ્યક્ષ-ગુજરાત ઊર્જા રાંયુક્ત સંકલન સમિતિ અને ભરતભાઈ પંડ્યા, પ્રમુખ-એજીવીકેએસ ઉપસ્થિત રહેનાર છે.

સદર પ્રોગ્રામને ભવ્યાતિભવ્ય રીતે બનાવી સફળતા પૂર્વક પાર પાડવા અલગ-અલગ કમિટીના સભ્યો/ હોદ્દેદારો દ્વારા પુરજોશમાં તૈયારીઓ કરવામાં આવી રહેલ છે અને સમગ્ર તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહેલ છે. આ પ્રસંગે સર્વે ઊર્જા વિભાગના કર્મચારીઓ/ અધિકારીઓ મોટી સંખ્યામાં હાજર રહેવા આહવાન કરવામાં આવે છે. દરમ્યાન જૂનાગઢ જેટકો અને પીજીવીસીએલ સર્કલમાંથી ૪૦૦ જેટલા કર્મચારીઓ અને અધિકારીઓ કાર્યક્રમમાં ભાગ લેવા જશે એવું જીઈબીના વાઈસ પ્રેસીડેન્ટ એચ.જી. વઘાસીયાએ જણાવ્યું હતું.

# • થાવ અધિકારી શિવ કૃપાના •

એટલું સહેલું તો છે જ નહીં, છતાં પણ શ્રદ્ધા અને વિશ્વાસ હોય તો ઘણું સહેલું છે. આમ પણ શિવજી ભક્ત વત્સલ છે. ભક્તો પર સહજતામાં અપાર કૃપા કરવી એ તેમની વિશેષતા છે. પણ સામે કંઈક તો કરવું પડે. કરુણાસાગરની કરુણા પામવા સ્વયં કરુણાસભર બની પાત્રતા કેળવવી પડે.

બધા જ મોહનો ત્યાગ કરવો પડે. નિર્દોષતા અને નિર્મળતા ધારણ કરવી પડે. કોઈપણ પરિસ્થિતિમાં ચલિત થયા વગર, પવન વિનાની સ્થિતિમાં જેમ જ્યોત સ્થિર હોય તેમ ચિત્તને સ્થિર કરવું પડે. સાચા અર્થમાં સ્થિતપ્રજ્ઞ બનીને રહેવું. દરેક પ્રકારના દ્વંદ્વથી મુક્ત થવું પડે. ક્યાંક કોઈ પણ પ્રકારનો ભેદ ન જોતા સંસારમાં વ્યાપેલ પ્રભુમય સમરાસતા પર જ ધ્યાન રાખવું પડે. માન-અપમાન, શુભ-અશુભ, સ્ત્રી-પુરુષ, સત્ય-અસત્ય તથા મુક્તિ-બંધન; એ બધાથી જ જાતને અલગ કરવી દેવી પડે. દેહભાવ તથા તેમાં વ્યાપેલ અહંકારને બાજુમાં મૂકી માત્ર પરમમય થઈજવું પડે.

નથી કંઈ મેળવવાનું, નથી કંઈ પામવાનું, નથી કંઈ ઈચ્છવાનું, નથી કંઈ ગુમાવવાનું, નથી કંઈ કરવાનું - પણ જો કોઈ પુરુષાર્થ કરવાનો જ હોય તો અનિત્ય પ્રત્યેના બંધનથી મુક્ત થઈ નિત્ય સાથે જોડાવાનો છે. જેનો નાશ થવાનો છે તેનાથી વિમુકત થઈ અવિનાશીને સમજવાનો છે, અને તે સમજથી જ શિવકૃપાના અધિકારી થવાનું છે.

શિવકૃપાના અધિકારી બનવા તેની મરજી પ્રમાણે જીવવાનું, તેના નિયમોમાં રહેવાનું, તેને જ્યાં અને જેવી સ્થિતિમાં મૂક્યા હોય ત્યાં તેવી સ્થિતિમાં પણ ધર્મનો નિભાવ કરવાનો. ક્યાંય ફરિયાદ નહીં, ક્યાંય રાવ નહીં. જે તે વ્યક્તિની કૃપા મેળવવા માટે તેની અપેક્ષા મુજબ પોતાની જાતને સ્થાપિત કરવી પડે. સામેવાળી વ્યક્તિના આદર્શોને અનુસરવા પડે - તેની વિચારધારા પ્રમાણે આપણી વિચારધારા ધીમે ધીમે ગોઠવવી પડે. તે વ્યક્તિ આપણા તરફથી જે કાર્યની અને જે પ્રકારની અપેક્ષા રાખે તે પૂરી કરવાનો પૂરેપૂરી ઈમાનદારીથી પ્રયત્ન આપણાં તરફથી થવો જોઈએ. કોઈપણ વ્યક્તિની કૃપા - તેના આશીર્વાદ ત્યારે જ મળી શકે જ્યારે આપણે આપણી જાતને એ વ્યક્તિના એક ભાગ તરીકે જોતા થઈએ અને તે જ રીતના વર્તતા થઈએ. આ એક કઠિન તથા ઊંચા સ્તરની વાત થઈ. પૂર્ણ કૃપા માટે તો પોતાના અસ્તિત્વનો લોપ કરી સામેવાળી વ્યક્તિ માટે જ જીવન આપણે જીવતા હોઈએ તેવું સ્થાપિત કરવું પડે. હવે જો એક માનવીની કૃપા માટે આટલા બધા પ્રયત્નો કરવા પડતા હોય તો ઈશ્વરની કૃપા પામવા માટે તો શું શું ન કરવું પડે.

ચંચળતા ત્યાગવી પડે, વર્તમાનમાં જ જીવવું પડે, ભક્તિ અને જ્ઞાન માટે પ્રયત્નો કરવા પડે, સહજતાથી જે મળે તેમાં સંતુષ્ટ રહેવું પડે, પ્રત્યેક માટે કર્મ સભાન રહેવું પડે, સદાયજાગ્રત રહેવું પડે, વ્યવહાર માત્ર વિવેકને આધારિત રાખવો પડે, દરેક પરિસ્થિતિમાં સંયમજાળવવો પડે. વળી, અસ્તિત્વને સાચા અર્થમાં ઓળખી તેમાં રમમાણ થવું પડે. હરખ અને શોખથી દૂર રહી આઠે પહોર આનંદમાં મસ્ત થઈને રહેવાની આ ક્રિયા છે.

શિવકૃપાના અધિકારી થવાનું ક્યારેક મુશ્કેલ લાગે તો ક્યારેક સરળ પણ લાગે, પણ પ્રયત્ન સાતત્યપૂર્ણહોવો જોઈએ.દ્રઢ નિશ્ચય સાથે ભક્તિ- સાધનામાં જોડાઈ જવું પડે. સંત-મહાત્માના કથન તથા શાસ્ત્રોના સિદ્ધાંત પર વિશ્વાસ રાખી તે પ્રમાણે - તે માર્ગે આગળ વધવાથી ચોક્કસ શિવકૃપાને પામી શકાય.એકાકાર થઈ જવાની ભાવનાથી અગત્યની છે.

**– હેમુ ભીખુ**

**(૯૮૨૫૦૬૨૫૨૬)**

# ભાટિયામાં બંધ મકાનમાં થયેલી ચોરી પ્રકરણમાં બે શખ્સોને દબોચી લેતી રેલવે પોલીસ




## પોલીસે ચોરીના ચાંદીના દાગીના, રોકડ રકમ સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૭

ભાટિયાના આવેલા એક રહેણાંક મકાનમાં થયેલી ઘરફોડ ચોરીમાં રેલવે પોલીસે બે આરોપીઓને મુદ્દામાલ સાથે દબોચી લીધા હતા. આ સમગ્ર પ્રકરણની રેલવે સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ ભાટિયાની રેલવે કોલોની વિસ્તારમાં ગત તારીખ ૧૨ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ એક આસામીને ત્યાંથી ચાંદીના દાગીના તથા રોકડ સહિત કુલ રૂપિયા ૩૦,૦૦૦ જેટલા મુદ્દામાલની ચોરી થયાનો બનાવ ખુલવા પામ્યો હતો. આ સંદર્ભે રાજકોટ ડિવિઝનના રેલવે પોલીસ મથકના વી.બી. રાયમા તથા ઈન્ચાર્જ પી.એસ.આઈ. સહદેવસિંહ ઝાલાની સૂચના મુજબ એ.એસ.આઈ ભરતસિંહ હનુભા, હેડ કોન્સ્ટેબલ ભીમશીભાઈ રામભાઈ અને ભરતભાઈ તથા જયેશભાઈ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં ચોક્કસ બાતમીના આધારે ઉપરોક્ત ચોરી પ્રકરણમાં હાલ જૂનાગઢના કાળવા ચોક વિસ્તારમાં રહેતા ભરત કારા સાવલીયા (ઉ.વ. ૧૯) અને રાજકોટ ખાતે રહેતા મદ્રાસી મુગ્વેલ ઉર્ફે મુકેશ પ્રિયાસ્વામી આદિતદ્રાવિડ (ઉ.વ. ૫૨) નામના બે શખ્સોને રેલવે પોલીસે અનુક્રમે દ્વારકા તથા રાજકોટથી ઝડપી લીધા હતા. ઉપરોક્ત આરોપીઓ પાસેથી પોલીસે ચોરીના ચાંદીના દાગીના, રોકડ રકમ તેમજ મોબાઈલ ફોન કબજે કરી, વધુ તપાસ હાથ ધરી છે. આ આરોપીઓને રેલવે પોલીસે અદાલતમાં રજૂ કરતા નામદાર અદાલતે આરોપીઓને જામનગર જિલ્લા જેલ ખાતે મોકલી આપ્યા છે.

# સગીર દિકરી સાથે દુષ્કર્મના કેસમાં સાવકા પિતાને ૨૦ વર્ષની સખ્ત કેદની સજાનો હુકમ કરતી વેરાવળ સેશન્સ કોર્ટ

વેરાવળ તા.૨૭

વેરાવળની સ્પે. (પોકસો) કોર્ટમાં સાવકા પિતાએ સગીર વયની દિકરી ઉપર દુષ્કર્મ કરેલ હોવાનો કેસ ચાલી જતા આરોપી સાવકા પિતાને ૨૦ વર્ષની સખ્ત કેદની સજા અને દસ હજારના દંડ ફટકારતો હુકમ કોર્ટ દ્વારા કરેલ છે.

આ કેસની વિગતો આપતા જીલ્લા સરકારી વકીલ કેતનસિંહ. ડી.વાળાએ જણાવેલ કે, જગદિશ ઉર્ફે સીકંદર બચુભાઈ સોઢા, રહે-બાબર સમાજની વંડી પાસે હનુમાન મંદીર પાસે, પ્રાચી, તા.સુત્રાપાડા. વાળાએ તેની સાવકી પુત્રી સાથે અવાર નવાર તેણીની મરજી વિરૂધ્ધ બળાત્કાર કરેલ જે બનાવ અંગે સુત્રાપાડા પોલીસમાં આઈ.પી.સી. કલમ ૩૭૬ (૨) (એફ) (એન), ૩૭૬ (એ) (બી) ૫૦૬(૨), તેમજ બાળકોને જાતીય રક્ષણ આપવાના અધિનિયમ-૨૦૧૨ ની કલમ ૩(એ) (૨), ૪, ૫ (એલ) (એમ) (એન) ૬, ૭, ૮, ૯ (એલ) (એમ) (એન) ૧૦ મુજબ ગુન્હો નોંધાયેલ જેની તપાસ સી.પી.આઈ. મુસ્તાકઅલી ઉસ્માનભાઈ મસીએ કરી ચાર્જશીટ કોર્ટમાં રજુ કરતા સ્પે. પોકસો કોર્ટમાં કેસ ચાલી જતાં જેમાં કેસને સાબીત કરવા માટે ફરીયાદી તથા અન્ય સાહેદો તેમજ પંચ વિટનેસ, ડોકટર, પોલીસ સહીતના સાહેદોને તપાસેલ અને જુબાની દરમ્યાન દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ હતા. આ કેસમાં સરકાર તરફે જીલ્લા સરકારી વકીલ કેતનસિંહ. ડી.વાળાએ દલીલ કરતાં જણાવેલ કે, સમાજમાં દિકરીઓ સલામત રહે તે માટે સરકારે સ્પે. પોકસો એકટની જોગવાઈ કરેલી છે અને સગીરાએ જે જુબાની આપેલી છે તે જ માત્ર પુરતી છે તેમ છતાં મેડીકલ એવીડન્સ તથા અન્ય સાહેદોની જુબાની પણ બનાવને તેમજ ભોગ બનનારની જુબાનીને સમર્થન કરતી જુબાની આપેલી છે તેમજ આરોપી સાવકો પિતા થાય છે અને પુત્રી જ ગણાય તેની સાથે રહીને કરાતાં આ કૃત્યને કોઈપણ રીતે હળવાશથી લઈ શકાય નહી. જેથી સમાજમાં સગીર વયની દિકરીઓ સલામત રહે તે માટે સખ્ત સજા કરવા જણાવતી દલીલો કરેલ જેને ધ્યાને લઈ સ્પે. (પોકસો) જજ શ્રી કિર્તી જે.દરજીએ આરોપી જગદિશ ઉર્ફે સીકંદર બચુભાઈ સોઢા, રહે-બાબર સમાજની વંડી પાસે હનુમાન મંદીર પાસે, પ્રાચી, તા.સુત્રાપાડા. રહે.રાખેજ વાળાને આઈ.પી.સી. કલમ ૩૭૬ (એ) (બી) તથા ૩૭૬ (૨) (એફ) (એન) મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી ૨૦ વર્ષની સખ્ત કેદની સજા તેમજ રૂા.૧૦,૦૦૦ નો દંડ કરેલ અને જો દંડ ન ભરે તો વધુ ચાર માસની સાદી કેદની સજા અને સમગ્ર સજા એક સાથે ભોગવવા હુકમ કરેલ તેમજ સરકારની યોજના મુજબ ભોગ બનનારને રૂા.૨,૦૦,૦૦૦ સહાયની રકમ ચુકવા જણાવેલ હોવાનું જીલ્લા સરકારી વકીલ કેતનસિંહ ડી. વાળાએ એક યાદીમાં જણાવેલ છે.

# ખંભાળિયા: પ્રેમ સંબંધનો અંજામ લોહિયાળ બની રહે તે પહેલા એલસીબી પોલીસે જામનગરના ત્રણ શખ્સોને દબોચી લીધા



(કુંજન રાડીયા દ્વારા)

જામખંભાળીયા તા.૨૭

ખંભાળિયામાં રહેતા એક વિપ્ર યુવાનને તેની ફોઈની દીકરી એવી પરિણીત મહિલા સાથે પ્રેમ સંબંધ થયા બાદ આ પરિણીત મહિલાએ છૂટાછેડા લઈ લેતા આ પ્રકરણ લોહિયાળ બને અને ખંભાળિયામાં રહેતા યુવાનની હત્યા નીપજાવવામાં આવે તે પૂર્વે ખંભાળિયાના પાદરમાંથી જિલ્લા એલસીબી પોલીસે યુવાનના દૂરના પરિચિત એવા ત્રણ શખ્સોને જીવલેણ હથિયારો સાથે દબોચી લીધા હતા. આ સમગ્ર પ્રકરણની એલસીબી સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ ખંભાળિયામાં રહેતા તુષાર મોતા નામના વેપારી યુવાનને જામનગર ખાતે રહેતી તેની ફોઈની દીકરી બહેન જ્યોતિબેન સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. બે સંતાનોની માતા એવી જ્યોતિબેનને તેણીના પરિણીત એવા મામાના દિકરા તુષાર મોતા સાથે પ્રેમ સંબંધના કારણે તુષાર તેણીને જામનગરથી ભગાડી ગયો હતો. આ અંગેની અરજી જ્યોતિબેનના પતિ દ્વારા સ્થાનિક પોલીસમાં અપાઈ હતી.

આ જ્યોતિબેનના લગ્ન આજથી આશરે ૧૪ વર્ષ પૂર્વે જામનગરમાં રાંદલનગર વિસ્તારમાં રહેતા કેતન કિશોરભાઈ મહેતા સાથે થયા હતા. તુષાર તેની પત્નીને લઈને ભાગી ગયાના આઠ દિવસ બાદ બંને પરત મળી આવ્યા હતા. બાદમાં કેતનની પત્ની જ્યોતિબેનને પોતાના પતિ સાથે છૂટાછેડા લઈ લીધા હતા અને તેણી મોટી ખાવડી ખાતે પોતાના માવતરે રહેવા જતી રહી હતી.

આમ, પરિવાર વેર-વિખેર થઈ જતા તુષારને મારી નાખવાના ઈરાદાથી ત્રણ શખ્સો બુધવારે રાત્રે ખંભાળિયા નજીકના માર્કેટિંગ યાર્ડ પાસે આવી અને હથિયારો સાથે ગાડી ચલાવતા તુષાર નીકળે ત્યારે તેનું ઢીમ ઢાળી દેવા માટે તૈયાર હોવાની ચોક્કસ બાતમી એલ.સી.બી.માં ફરજ બજાવી ચૂકેલા એ.એસ.આઈ. અરજણભાઈ ચંદ્રવાડીયાને મળી હતી.

આ પ્રકરણ અંગે એલ.સી.બી.ના પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી.ની ટીમ દ્વારા તાકીદે આ સ્થળે દોડી જઈ અને મોટરસાયકલ પર આવેલા મયુર કિશોરભાઈ મહેતા (ઉ.વ. ૩૬), કેતન કિશોરભાઈ મહેતા (ઉ.વ. ૩૩) અને જામનગરમાં તિરૂપતિ સોસાયટી વિસ્તારમાં રહેતા મયુર જગદીશભાઈ ભટ્ટ (ઉ.વ. ૨૬) નામના ત્રણ શખ્સોને દબોચી લીધા હતા. હીરો સ્પ્લેન્ડર મોટરસાયકલ પર આવેલા ત્રણ શખ્સોની તપાસમાં પોલીસને આ શખ્સો પાસેથી મરચાની ભૂકી, લોખંડના ત્રણ મજબૂત પાઈપ તેમજ ધારદાર છરી મળી આવી હતી. તુષાર મોતાની હત્યા કરવાનો નિર્ધાર કરીને ગત રાત્રિના સમયે આવેલા ઉપરોક્ત શખ્સો દ્વારા હત્યા નીપજાવવામાં આવે તે પૂર્વે મુદ્દામાલ સાથે ઉપરોક્ત ત્રણેય શખ્સોની અટકાયત કરી લઈ અને વધુ તપાસ અર્થે આ શખ્સોનો કબજો ખંભાળિયા પોલીસને સોંપી દેવામાં આવ્યો હતો. ઝડપાયેલા આ આરોપીઓને પોલીસે અહીંની અદાલતમાં રજૂ કરતા નામદાર અદાલત દ્વારા આરોપીઓને જેલ હવાલે મોકલી દેવા માટેનો હુકમ કરવામાં આવ્યો છે. આ પ્રકરણમાં એલસીબી વિભાગના એ.એસ.આઈ. અરજણભાઈ મારુની ફરિયાદ પરથી ખંભાળિયા પોલીસે કેતન કિશોરભાઈ મહેતા, મયુર કિશોરભાઈ મહેતા અને મયુર જગદીશભાઈ ભટ્ટ સામે આઈ.પી.સી. કલમ ૩૦૭, ૧૨૦ (બી) તથા જી.પી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, મોટરસાયકલ સહિત કુલ રૂપિયા ૫૩,૫૬૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી.ના પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. ભાર્ગવ દેવમુરારી અને એસ.વી. ગળચર, એ.એસ.આઈ. અરજણભાઈ મારુ, અજીતભાઈ બારોટ, વિપુલભાઈ ડાંગર, સહદેવસિંહ જાડેજા, હસમુખભાઈ કટારા, ગોવિંદભાઈ કરમુર, અરજણભાઈ ચંદ્રવાડીયા વિગેરે દ્વારા કરવામાં આવી હતી. આ પ્રકરણમાં આગળની તપાસ અહીંના ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ. જોશી ચલાવી રહ્યા છે.

# દ્વારકા રઘુવંશી પરિવાર દ્વારા આયોજીત ઓખામંડળ સમસ્ત રઘુવંશી પરિવાર માટે દ્વારકામાં રવિવારે શરદ રાસોત્સવ ઉજવાશે

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૭




દ્વારકામાં ઓખામંડળ સમસ્ત રઘુવંશી પરિવાર માટે દ્વારકાની ૧૩૬ વર્ષ જુની ગૌશાળાના વિશાળ પટાંગણમાં આગામી તા.૨૯-૧૦-૨૦૨૩ ને રવિવારના રોજ રાત્રિના ૮-૩૦ કલાકેથી શરદ રાસોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. દ્વારકા તાલુકા કક્ષાના આ રાસોત્સવના આયોજન માટે તડામાર તૈયારી ચાલી રહી છે. આ રાસોત્સવમાં સૌરાષ્ટ્રના જાણીતા સીંગરો મયુરી ગજ્જર તથા આશિષ ઝાલા લાઈવ ઓરકેસ્ટ્રા સાથે ધૂમ મચાવશે. ખેલૈયાઓમાં રાસોત્સવ અંગે જબરો ઉત્સાહ જોવા મળી રહયો છે. શરદ રાસોત્સવમાં ઓખામંડળના રઘુવંશી રાસપ્રેમી ખૈલેયાઓને પધારવા ભાવભર્યુ આમંત્રણ પાઠવવામાં આવે છે. રાસોત્સવના આયોજનને સફળ બનાવવા માટે રઘુવંશી સમાજના આગેવાન તથા યુવાનો જહેમત ઉઠાવી રહયા છે.

# દ્વારકામાં સોમવારે ૧૦૧માં નિઃશુલ્ક નેત્રયજ્ઞનું આયોજન

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૭

ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી દ્વારકાના ઉપક્રમે અને રણછોડદાસ બાપુ ચેરીટેબલ ટ્રસ્ટ હોસ્પિટલ રાજકોટના તેમજ માતૃશ્રી હ.વિ.ગો. મે.ચે.ટ્રસ્ટ,એલ.આર. ગૃપ, લોહાણા મહાજન દ્વારકા, ગોકાણી /ગાંધી પરિવાર, દ્વારકા કલાની સેવા જેન્તીભાઈ પોપટ યુ.કે ના સહયોગથી તા૩૦/૧૦/૨૦૨૩ ને સોમવારના રોજ લોહાણા મહાજન વાડી સ્વામીનારાયણ માર્ગ દ્વારકા ખાતે સવારે ૯:૩૦થી ૧૨:૩૦ સુધી નિઃશુલ્ક નેત્રયજ્ઞ નું આયોજન કરવામાં આવેલ છે જેમાં આંખના દર્દોનુ નિદાન કરી ટ્રીટમેન્ટ કરવામાં આવશે.મોતીયાના ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીઓને કેમ્પના દિવસે જ રાજકોટ લઈ જઈ નિઃશુલ્ક મોતિયાનું ઓપરેશન કરી નેત્રમણી બેસાડી ટ્રીટમેન્ટ કરી દ્વારકા પરત લાવવામાં આવશે. દર્દીઓને લાવવા લઈ જવા, રહેવા જમવાની સુવિધા પણ વિના મૂલ્યે રાખેલ છે તો આ કેમ્પનો લાભ લેવા જાહેર જનતાને અનુરોધ છે. કેમ્પના દિવસે સવારે ૯:૦૦થી ૧૦:૩૦ વચ્ચે નામ નોંધાવવાનું રહેશે આ કેમ્પનો વધુમાં વધુ જરૂરિયાતમંદો લાભ લે તેવો આયોજકો દ્વારા અનુરોધ કરાયો છે કેમ્પ અંગે (૧)અશ્રિવનભાઈ ગોકાણી (દ્વારકા) મો.નં ૯૮૭૯૧૭૭૧૪૦ (૨) દિલીપભાઈ કોટેચા (મીઠાપુર) મો.નં ૯૮૨૪૨૩૮૧૬૩ (૩) હસમુખભાઈ કાનાણી (સુરજકરાડી) મો.નં ૮૧૨૮૫૯૫૯૯૬નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# ખંભાળિયામાં સેવા સંસ્થા દ્વારા બાળાઓને લ્હાણી વિતરણ કરાયું



(કુંજન રાડીયા દ્વારા)

જામખંભાળીયા તા.૨૭

ખંભાળિયા પંથકમાં નયારા કંપનીની સી.એસ.આર. એક્ટિવિટીઝ દ્વારા ચલાવવામાં આવી રહેલા સ્વચ્છ હાલર કાર્યક્રમ અંતર્ગત સી.ટી.એસ.આઈ. અને ફિનિશ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે ખંભાળિયા નગરપાલિકાને સાથે રાખીને હાલ પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ ચાલી રહ્યો છે. જેના ભાગરૂપે બાળાઓ-વિદ્યાર્થીનીઓ પ્લાસ્ટિકની બોટલનો ઉપયોગ બંધ કરે અને તેનાથી સ્વાસ્થ્યને થતા નુકસાનથી બચી શકે તે હેતુથી ખંભાળિયા નગરપાલિકા આયોજિત ગરબીમાં તેમજ અહીંના વોર્ડ નંબર ૪ માં મચ્છુ માતા ગરબી મંડળમાં બાળાઓને સ્ટીલની પાણીની બોટલની લ્હાણી આપવામાં આવી હતી.

# ઉના : ઘરફોડ ચોરીના ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી પોલીસ



(નવીન જોષી દ્વારા)

ઉના તા.૨૭

ગીર સોમનાથ એસ.ઓ.જી. ઈન્ચાર્જ પો.ઈન્સ.શ્રી એ.બી. જાડેજા સાહેબના માર્ગદર્શન અનુસાર તા.૨૬/૧૦/૨૦૨૩ ના એસ.ઓ.જી. સ્ટાફના એ.એસ.આઈ. સુભાષભાઈ ચાવડા તથા ઈબ્રાહીમશા બાનવા તથા પો.હેડ કોન્સ. સલીમભાઈ મકરાણી તથા ગોપાલસિંહ મોરી તથા ધર્મેન્દ્રસિહ ગોહીલ તથા મેહુલસિંહ પરમાર એ રીતેના પોલીસ સ્ટાફ સાથે કામગીરી સબબ ઉના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સંયુકતમાં મળેલ ચોકકસ બાતમી હકિકત આધારે ઉના પો.સ્ટે. ગુ.ર.નં. ૯૭૮/૨૦૨૧ ઈ.પી.કો. કલમ-૪૫૪,૩૮૦ મુજબના ગુન્હાના કામે છેલ્લા બે વર્ષથી નાસતા- ફરતા ઈસમ જેશીંગ દીલીપભાઈ ચૌહાણ ઉના ભાવનગર રોડ,રોકડીયા હનુમાન મંદીર પાસેથી ઝડપી લઈ સી.આર.પી.સી. કલમ-૪૧(૧)(આઈ) મુજબ ધોરણસર કાર્યવાહી કરી ઉના પો.સ્ટે. સોપી આપેલ છે.

# ખંભાળિયામાં ઝાકળ ભીની સવાર: શીત ઋતુના પગરવ

(કુંજન રાડીયા દ્વારા)

જામખંભાળીયા તા.૨૭

શરદ પૂર્ણિમા પૂર્વે ખંભાળિયામાં આજથી જાણે શીત ઋતુના પગરવ જોવા મળી રહ્યા હોય, તેમ આજે સવારથી ખંભાળિયામાં ઝાકળ ભર્યો માહોલ છવાયો હતો. ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તારોમાં આજે વહેલી સવારથી ઝાંકળ ઉતરી આવી હતી. ગાઢ ધુમ્મસના કારણે સર્વત્ર પાણીની આછી ચાદર છવાઈ ગઈ હોય તેવી પરિસ્થિતિ સર્જાઈ હતી.



ઝાંકળના પગલે આજે સવારે મોડે સુધી સૂર્યનારાયણના દર્શન થયા ન હતા અને વાતાવરણમાં ગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો હતો. આજે સવારથી ગાઢ ધુમ્મસના લીધે ખાસ કરીને વાહન ચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જો કે બપોર બાદ ગરમીનો પણ અનુભવ થયો હતો.

### સિમ્ફની ૬૦થી વધુ દેશોમાં હાજરી ધરાવતી ભારતીય મલ્ટિ-નેશનલ કંપની

# સિમ્ફની કૂલર્સની વિશાળ સર્વોપરિતાએ બ્રાન્ડને ‘કૂલિંગ’નો પર્યાય બનાવી દીધો છે

અમદાવાદ તા. ૨૭

સિમ્ફની, ૬૦ થી વધુ દેશોમાં હાજરી ધરાવતી ભારતીય મલ્ટિ-નેશનલ કંપની વિશ્વની સૌથી મોટી એર કૂલર કંપની છે. આવિષ્કારોથી લઈને નવીનતાઓ સુધી, એનર્જી રિસ્પોન્સિબિલિટીથી લઈને એન્વાયર્નમેન્ટ સ્ટેવાર્ડશિપ સુધી, સિમ્ફની એ માર્કેટ લીડર છે જે પેઢીઓથી તેના ગ્રાહકોને આરામ આપે છે. રહેણાંક, ઔદ્યોગિક અને વ્યાપારી સેગમેન્ટમાં સિમ્ફની કૂલર્સની વિશાળ સર્વોપરિતાએ બ્રાન્ડને ‘કૂલિંગ’નો પર્યાય બનાવી દીધો છે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે ૧૩.૭૯ કરોડની રકમના ૨ પ્રત્યેકના ઈક્વિટી શેર દીઠ ૨/- (૧૦૦%)ના બીજા વચગાળાના ડિવિડન્ડની ભલામણ કરી છે. સિમ્ફની લિમિટેડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી નૃપેશ શાહે જણાવ્યું હતું કે, ૧૯૮૮ માં સ્થપાયેલ, ગુજરાત, ભારતમાં, સિમ્ફની લિમિટેડે ભારતમાં બાષ્પીભવનકારી એર-કૂલિંગની એક નવી શ્રેણીની સ્થાપના કરી, તેને વિશ્વમાં લઈ ગઈ. અત્યંત અસંગઠિત ક્ષેત્રના વિક્ષેપકર્તા તરીકે, કંપનીએ એર કૂલિંગના સુવર્ણ ધોરણને વ્યાખ્યાયિત કરીને ઉચ્ચ બેન્ચમાર્ક સેટ કર્યા છે.

સિમ્ફની ખાતે, સંશોધન અને વિકાસ અને એન્જિનિયરિંગ ટેક્નોલોજી ટકાઉ સ્પર્ધાત્મક લાભો પ્રદાન કરે છે. કંપની માર્કેટ-અગ્રણી ઉત્પાદનો પહોંચાડે છે જેમાં ડિઝાઈન ઈનોવેશન, ઊર્જા કાર્યક્ષમતા, વિશિષ્ટ સ્ટાઈલ અને ગ્રાહક કેન્દ્રિતતાનો સમાવેશ થાય છે.

એર-કૂલિંગ ઉદ્યોગમાં અગ્રણી તરીકે, સિમ્ફની આબોહવા પરિવર્તનનો સામનો કરવા માટે પ્રગતિશીલ તકનીકો વિકસાવે છે. તે મહત્તમ કાર્યક્ષમતા, ઉત્પાદકતા અને સુખાકારી માટે સસ્તું ઠંડક અને આરામદાયક વાતાવરણ માટે ઉકેલો પૂરા પાડે છે.

સિમ્ફની લિમિટેડ એ જાહેરમાં વેપાર કરતી કંપની છે જે તેના હિતધારકોને સૌથી વધુ નફાકારક અને અસરકારક રીતે મૂલ્ય પહોંચાડે છે

ઓક્ટોબર ૨૬, ૨૦૨૩:

- કન્સોલ. : ૨૭૫ કરોડ (૦.૪ વર્ષ)
- એકલ: ૧૯૬ કરોડ. (-૯% YoY)

ભારતમાં સ્થાનિક વેચાણ: ૧૯૧ કરોડ. (Q2FY૨૩: ૧૯૧ કરોડ), અનિયમિત ઉનાળાની ઋતુ હોવા છતાં

૨. વાર્ષિક ધોરણે ગ્રોસ માર્જિનમાં સુધારો થયો:

- એકલ : ૪૯.૯% (૩૩૦ bps)

નવા ઉત્પાદનો અને અનુકૂળ ઉત્પાદન મિશ્રણનો પ્રારંભ

ઈનપુટ ખર્ચમાં નરમાઈ મૂલ્ય એન્જિનિયરિંગ

- કન્સોલ. : ૪૬.૧% (૧૩૦ bps)

૩. નકારાત્મક ઓપરેટિંગ લીવરેજ હોવા છતાં, EBITDA માર્જિન રૂરૂ ધોરણે સુધર્યું છે:

- એકલ : ૨૬.૮% (૫૨૦ bps)
- કન્સોલ. : ૧૫.૫% (૨૧૦ bps)

૪. પેટાકંપનીઓનું પ્રદર્શન: મિશ્ર બેગ

- સીટી, ઑસ્ટ્રેલિયા: માંગના વધારાને કારણે કામગીરી પર ખરાબ અસર પડી
- IMPCO, મેક્સિકો: અત્યાર સુધીની સૌથી વધુ Q2 આવક
- GSK, ચીન: સ્થિર કામગીરી YoY

VASTU વાસ્તુ હાઉસિંગ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ
કંપની અધિનિયમ, 1956 હેઠળ સમાવિષ્ટ જાહેર લિ. કંપની
નિવેશની તારીખ: 04.02.2005 • સીઆયએન: U65922MH2005PLC272501
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ: યુનિટ નં. 203 અને 204, બીજે માળ, એ વિંગ, નવભારત એસ્ટેટ, ઝકરિયા બંદર રોડ, સેવરી (વેસ્ટ), મુંબઈ - 400015. • ટેલિફોન નં.: 022-24190911
ઈમેલ: cs@vastuhfc.com • વેબસાઈટ: https://www.vastuhfc.com

શાખા કચેરીના સ્થળાંતર માટેની જાહેર સૂચના

જૂનાગઢ ખાતેની વાસ્તુ હાઉસિંગ ફાયનાન્સ કોર્પોરેશન લિમિટેડ (કંપની) ની શાખા કાર્યાલય 12 ફેબ્રુઆરી 2024 (અસરકારક તારીખ) થી નીચે દર્શાવેલ નવા પરિસરમાં સ્થળાંતર કર્યું આવશે:

| જૂનું સરનામું | નવું સરનામું |
| --- | --- |
| 204-સેન્ટ્રલ પ્લાઝા, બીજે માળ, બહાઉદ્દીન કોલેજ સામે, કોલેજ રોડ, જૂનાગઢ-362001, ગુજરાત | ટીંબાવાડી, આર.એસ નં. 70/પાઈકે-5, પ્લોટ નં. 3, ઓફિસ નં. 141 અને 143, પહેલો માળ, સેન્ટ્રલ પ્લાઝા, આંગન પાર્ક, મધુરમ ગેટ પાસે, જૂનાગઢ બાયપાસ સામે, જૂનાગઢ-362001, ગુજરાત |

જૂનું પ્રિમાઈસીસ 11 ફેબ્રુઆરી 2024 સુધી કાર્યરત રહેશે. 12 ફેબ્રુઆરી 2024 થી કંપનીના તમામ વ્યવહારો / ગ્રાહક સેવાની વિનંતીઓ ફક્ત નવા સરનામે જ મોકલવામાં આવશે.
કોઈપણ પ્રશ્નોના કિસ્સામાં, તમે અમારો સંપર્ક કરી શકો છો:
customercare@vastuhfc.com
સરનામું: યુનિટ નં. 203 અને 204, બીજે માળ, એ વિંગ, નવભારત એસ્ટેટ, ઝકરિયા બંદર રોડ, સેવરી (વેસ્ટ), મુંબઈ - 400015.
તારીખ: 26.10.2023 સહી
સ્થળ: જૂનાગઢ વાસ્તુ હાઉસિંગ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ

# જૂનાગઢમાં વોંકળા ઉપર ખડકી દેવાયેલા ગેરકાયદે બિલ્ડીંગોનું ડીમોલેશન કયારે ?

## રાજકોટ શહેરમાં ડીમોલેશનની પ્રક્રિયા હાથ ધરાઈ છે ત્યારે જૂનાગઢમાં કાર્યવાહી કેમ નહી ?

જૂનાગઢ તા. ૨૭

જૂનાગઢથી ગાંધીનગર સુધી જે મુદો ગાજી ઉઠયો છે અને ગેરકાયદેસર બાંધકામો અને તે પણ વોંકળા ઉપર ચોકકસ બિલ્ડરો દ્વારા ખડકી દેવામાં આવ્યા છે ત્યારે તેની સામે ભારે આક્રોશ ઉઠવા પામેલ છે અને આવા ગેરકાયદેસર દબાણો દુર કરવા માટે અવાર-નવાર રજુઆતો, ફરીયાદો વહેતી થઈ છે. ત્યારે હવે આવા ગેરકાયદેસર દબાણો કયારે દુર કરવામાં આવશે ? તેવો સળગતો પ્રશ્ન આમ જનતામાં ચર્ચાઈ રહયો છે.

જૂનાગઢ શહેરમાં જુન માસમાં ભારે વરસાદને પગલે તારાજીનું તાંડવ ખેલાયું હતું અને શહેરના મોટાભાગના વિસ્તારોમાં બેટ જેવી હાલત થઈ હતી. ખુબજ નુકશાન લોકોને સહન કરવું પડયું હતું. એટલુંજ નહીં જળ તાંડવ દરમ્યાન લોકોના જીવ પણ પડીકે બંધાઈ ગયા હતા. પરંતુ ઈશ્વર કૃપાથી જૂનાગઢ વાસીઓ હેમખેમ ઉગરી જવા પામ્યા હતા. પરંતુ આ સાથે જ જૂનાગઢ શહેરમાં વોંકળાની રામાયાણ ચર્ચાનો વિષય બની હતી. જૂનાગઢ શહેરમાં વિવિધ વિસ્તારોમાં આવેલા વોંકળાની જગ્યા ઉપર વોંકળાને ટુંકા કરી અનો તેના ઉપર ચોકકસ આસામીઓ દ્વારા બિલ્ડીંગો, એપાર્ટમેન્ટો, શોપીંગ સેન્ટરો ખડકી દેવામાં આવ્યા છે અને જેનો પરિણામે જૂનાગઢ વાસીઓની આ હાલત થઈ હોવાનું સામે આવ્યું છે અને આ અંગે ઉચ્ચકક્ષાએ રજુઆતો પણ કરવામાં આવી છે અને ઉચ્ચ કક્ષાએથી આવા દબાણો દુર કરવા માટે આદેશો પણ જારી કરવામાં આવેલ છે. પરંતુ આજ દિવસ સુધી જૂનાગઢ મનપાએ કુલડીમાં ગોળ ભાંગ્યો જેવું કર્યુ છે. કહેવા પુરતી નોટીસો જારી કરી દેવામાં આવી છે અને આ જારી થયેલી નોટીસથી જ જાણે સંતોષ માની લીધો હોય તેવું હાલ જૂનાગઢવાસીઓને લાગી રહયું છે. કોઈને બચાવવાની પ્રક્રિયામાં અનેકના ભાણા અભડાઈ જાય તેવી સ્થિતીનું જયારે નિર્માણ થયું છે ત્યારે લોકોના મનમાં સળગતો સવાલ પણ ઉઠયો છે કે, કોઈકના પાપે આપણે હજુ કેટલું સહન કરવાનું છે? તેવો સવાલ ચર્ચાની એરણ ઉપર છે. દરમ્યાન રાજકોટ શહેરમાં પણ ગેરકાયદેસર દબાણોની અનેક ફરીયાદોનો પગલે આખરે રાજકોટમાં આવા ગેરકાયદેસર દબાણ અને બાંધકામ દુર કરવા માટે ઓપરેશન ડીમોલીશન હાથ ધરાયું છે ત્યારે હવે જૂનાગઢ વાસીઓ પણ રાહ જોઈ રહયા છે કે હવે કોની મંજુરીની રાહ જોવાઈ છે? કે જૂનાગઢ શહેરમાં કથિત ગેરકાયદેસર વોંકળાના દબાણો કયારે દુર કરવામાં આવશે? આ સાથે જ આવા જો ગેરકાયદેસર દબાણો દુર કરવામાં નહીં આવે તો હવે જનતા જનાર્દન જાગૃત બની ગઈ છે અને નવો મોર્ચો ખોલવાની તૌયારીમાં હોવાનું પણ આધારભુત રીતે ચર્ચાઈ રહયું છે.

## જૂનાગઢ મનપાનાં નિષ્કીય કમિશ્નરને બદલવાની બુલંદ લોકલાગણી

જૂનાગઢ તા. ૨૭

જૂનાગઢ શહેર ખરાબ રસ્તાઓને કારણે મશહુર બની ગયેલ છે. ત્યાં જ જુન માસમાં સર્જાયેલા ભારે વરસાદનાં પગલે જળતાંડવને પરીણામે વોકળા ઉપરના ગેરકાયદેસર દબાણોને કારણે કુખ્યાત બની ગયું છે. જૂનાગઢ શહેરનાં લોકોની સતત માંગણી ફરીયાદોને અનુલક્ષીને ગેરકાયદેસર દબાણો દુર કરવા માટેની ઉચ્ચ કક્ષાએથી લીલીઝંડી મળી ગયા છતાં જૂનાગઢ મનપાનાં કમિશ્નર દ્વારા આ દિશામાં કોઈ જ પગલા ભરવામાં આવતા નથી. ફકતને ફકત નાટક માટે નોટીસો જારી કરવામાં આવેલ છે. પરંતુ ખરેખર જે દબાણો ખડાયેલા છે તે નરી આંખે જોઈ શકાય તેમ છે. પરંતુ જૂનાગઢ મનપાનાં કમિશ્નરને જાણે આંખે પાટા બાંધી દેવામાં આવ્યા હોય તેવું લાગે છે. વોકળા ઉપરનાં દબાણો કમિશ્નરને દેખાતા નથી અથવા તો તેમનાં પર શાસક પક્ષનાં કેટલાક કહેવાતા પદાધિકારીઓનું દબાણ હોય તેઓ આવા દબાણો દુર કરી શકતા નથી તેવી પણ ચર્ચા આમજનતામાં વ્યાપક બની છે. જૂનાગઢ મનપાનાં કમિશ્નર રાજેશ તન્નાએ અત્યાર સુધીમાં કોઈ એવી સક્ષમ કામગીરી કરીને કાબેલીયત દર્શાવી નથી. જયારે પણ કોઈ વિવાદીત મુદો આવી જાય ત્યારે આ કમિશ્નર રજાઓ ઉપર ઉતરી જવાની ટેવવાળા છે.

અને તાજેતરમાં જ આ બાબતનો પરીચય જનતાને પણ થઈ ગયો છે. અવાર નવાર રજા ઉપર ઉતરી જતા કમિશ્નર પાસે સત્તા છે પરંતુ સત્તાને અસરકારક બનાવવાની કાબલીયત ન હોય તેવું પણ લાગી રહયું છે. આવા ઓળાની માફક રબ્બર સ્ટેમ્પની જેમ બેસાડી દેવાયેલા કમિશ્નરને તાત્કાલીક અસરથી જૂનાગઢ કમિશ્નર પદેથી દુર કરવા જોઈએ તેવી પણ લોક માંગણી પ્રબળ બની રહી છે. અને કાર્યદક્ષ અને નિતીવાન કમિશ્નરને મુકવાની માંગ ઉઠવા પામી છે.

## જૂનાગઢમાં દિવાલીના તહેવારોને લઈને તેજીનો શરૂ થયેલો દોર



**ઘર સજાવટની ચીજવસ્તુઓથી લઈ તમામ બજારોમાં ખરીદીનો મહોલ**

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૭

આગામી દિપાવલી અને નૂતન વર્ષના તહેવારોને ઉમંગભેર માણવા માટે લોકો હવે સજ્જ થઈ ચુકયા છે. સિઝન પણ મધ્યાંતરે પહોંચી છે ત્યારે લોકો હવે તહેવારોની ખરીદી માટે વળ્યા છે. જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં મુખ્ય-મુખ્ય શહેરોમાં એક તરફ રોશનીના જગમગાટ અને સાથે જ ઘર સજાવટની વસ્તુઓથી લઈ તમામ બજારોમાં ધીમે-ધીમે તેજીનો દોર શરૂ થયો છે. ચોમાસાના દિવસોમાં મંદીનું વાતાવરણ રહ્યા બાદ નવરાત્રીના પ્રારંભ સાથે જ બજારોમાં ચહલ-પહલ વધી હતી અને ધીમે-ધીમે ખરીદી કાર્ય શરૂ થયું હતું. શરદ પુર્ણીમાના પર્વ બાદ વધુ તેજીનો દોર શરૂ થશે. દિપાવલી અને નૂતન વર્ષના તહેવારો આડે હવે થોડા દિવસો રહ્યા છે ત્યારે લોકો સૌપ્રથમ પોતાના ઘર આંગણાની સજાવટ સાથે નવા વસ્ત્રોની ખરીદી, ઘર સજાવટનો સામાન, ઈલેકટ્રોનિકસ આઈટમો, વાહન ખરીદી તેમજ સોના-ચાંદીના દાગીનાની ખરીદી પણ અનુકુળતાએ કરી રહ્યા છે. વણજોયા મુહુર્ત શરૂ થઈ રહ્યા છે. દશેરાના દિવસે ખુબ જ મોટા પ્રમાણમાં લોકોએ ફરસાણ અને સ્વીટની મજા માણી હતી અને હવે અગીયારશ, ધનતેરસ, દિપાવલીના તહેવારોને ઉમંગભેર માણવા માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ સાથે રંગરોગાનથી માંડીને જુદા-જુદા કામકાજના કારીગરોને માટે પણ ફુલ કામો શરૂ થયા છે. આ સાથે આવકના સ્ત્રોતો પણ આ તહેવારોમાં જળવાય રહ્યા છે. જેમ જેમ દિપાવલીના તહેવાર નજીક આવતા જશે તેમ તેમ મુખવાસથી માંડી મીઠાઈની ખરીદી પણ લોકો હોશેહોશે કરશે. તમામ બજારોમાં હાલ રોનક જોવા મળી રહી છે. ખાસ કરીને સાંજના સમયમાં બજારોમાં ભારે ગીરદી જોવા મળી રહી છે અને તેજીના ધીમે-ધીમે શરૂ થયેલા આ દોરને લઈને વેપારીઓ દ્વારા પણ પોતાની દુકાનોમાં નવા માલની અને અધ્યતન ફેશનની ચીજવસ્તુઓ વેંચાણ માટે મુકી રહ્યા છે. આ સાથે જ દિપાવલીનો તહેવારે એ પ્રકાશનું પર્વ છે અને ખાસ કરીને ફટાકડાની આતશબાજી માટેની પણ નાના બાળકોથી લઈ યુવાનોને પણ સારો આનંદ હોય છે. ટુંક સમયમાં ફટાકડા બજારો પણ શરૂ થશે.


ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક

NIT® ટેકનીકલ કોલેજ

સર્ટીફીકેટ કોર્ષ
- ૧૦૦% પ્રેકટીકલ
- સરળ ભાષામાં શિખરી
- હોસ્ટેલ સુવિધા
- બસસ્ટેન્ડથી તદ્દન નજીક
- રેલ્વે સ્ટેશનથી નજીક
- ફ્રી ડેમો ટ્રાયલ

- કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
- ફિંગર ટચ વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
- LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
- ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો

Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા

જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮

નક્ષત્ર – જયોતિષ

શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?

આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન કરીને અવશ્ય આવવું

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



